**આજનો સુવિચાર**

જે વ્યક્તિએ ક્યારેય ભૂલ કરી નથી તેણે ક્યારેય નવું શીખવાનો પ્રયાસ કર્યો નથી !

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૨૦ જૂનાગઢ તા.૦૩-૦૫-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 120, Junagadh : Date : 03 May, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## સસ્પેન્સનો અંત : રાહુલ ગાંધીએ રાયબરેલીથી ઉમેદવારી નોંધાવી : પ્રિયંકા ચૂંટણી નહી લડે

નવી દિલ્હી, તા.૩ઃ નેહરુ-ગાંધી પરિવારે અમેઠી બેઠક છોડીને રાહુલ ગાંધીને રાયબરેલી બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડવા માટે ઉમેદવારી નોંધાવી છે. આ વખતે પણ પ્રિયંકા ગાંધી પોતે ચૂંટણી લડવાના બદલે પ્રચાર કરશે. કોંગ્રેસે અમેઠીમાં સ્મૃતિ ઈરાની સામે રાયબરેલીમાં સોનિયા ગાંધીના પ્રતિનિધિ રહેલા કેએલ શર્માને ટિકિટ આપી છે. રાહુલ વાયનાડ સિવાયની કોઈપણ સીટ પરથી ચૂંટણી લડવા તૈયાર ન હતા પરંતુ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેમને યુપીથી ચૂંટણી લડવા માટે મનાવી લીધા હતા. પાર્ટીના નેતાઓના તમામ પ્રયાસો છતાં પ્રિયંકા ગાંધી લડવા તૈયાર ન થયા. સ્મૃતિ ઈરાની ઘણા દિવસોથી રાહુલ ગાંધી પર અમેઠીથી ભાગી રહ્યા હોવાનો આરોપ લગાવી રહ્યા હતા. આજે બંને સીટો માટે નોમિનેશનનો છેલ્લો દિવસ છે. ગાંધી પરિવારની હાજરીમાં કોંગ્રેસે બંને બેઠકો પર ઉમેદવારી નોંધાવવાની સાથે રોડ શોની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. રાયબરેલી પહોંચ્યા બાદ રાહુલ ગાંધી એક વિશાળ રોડ શો કર્યો હતો.



ત્યારબાદ નોમિનેશન ફાઈલ કર્યુ હતું. આ દરમિયાન રાહુલ ગાંધીની સાથે પ્રિયંકા ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ હાજર રહયા હતા.

## પાક. કબ્જાગ્રસ્ત કાશ્મીરમાં ચીનની નાપાક હરકત : ભારતે સખ્ત વિરોધ નોંધાવ્યો

નવી દિલ્હી તા. ૩

પાકિસ્તાન અધિકૃત જમ્મુ - કાશ્મીરની શકસગામ ખીણમાં ચીનની નાપાક ગતિવિધિઓ બહાર આવી છે. લેટેસ્ટ સેટેલાઈટ ઈમેજીસ પરથી જાણવા મળ્યું છે કે ચીન વિશ્વના સૌથી ઊંચા યુદ્ધક્ષેત્રની નજીક એક પાકો રસ્તો બનાવી રહ્યું છે. વાસ્તવમાં ચીન સિયાચીન કોરિડોર પાસે ગેરકાયદેસર કબજા હેઠળના કાશ્મીરમાં કોંક્રિટ રોડ બનાવી રહ્યું છે. હવે ભારતે આ મામલે એક મોટું પગલું ભર્યું છે.

ભારતે જમીન પર પરિસ્થિતિને બદલવાના "ગેરકાયદેસર" પ્રયાસમાં શાક્સગામ ખીણમાં બાંધકામ પ્રવૃત્તિઓ હાથ ધરવા બદલ ચીન સામે સખત વિરોધ નોંધાવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે જણાવ્યું હતુ કે શક્સગામ ખીણ ભારતનો ભાગ છે અને નવી દિલ્હીએ ૧૯૬૩ ના કહેવાતા ચીન-પાકિસ્તાન સરહદ કરારને ક્યારેય સ્વીકાર્યો નથી, જેના દ્વારા ઈસ્લામાબાદ દ્વારા "ગેરકાયદેસર" વિસ્તારને જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તેને બૈજિંગને સોંપવા માટે કરવામાં આવી હતી.

## ગુજરાતમાં મતદાન આડે હવે માત્ર ચાર દિવસ આચાર સંહિતા ભંગની રેકોર્ડ બ્રેક ૪૨૫૪ ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકો પર આગામી ૭ મેના રોજ ચૂંટણી યોજાવાની છે તે પૂર્વે આચારસંહિતા ભંગની ફરિયાદોનો ધોધ વહ્યો હોય હોય તેમ આ વખતે રેકોર્ડબ્રેક સંખ્યામાં આવી ફરિયાદો થઈ છે. ગુરૂવારની સ્થિતિએ રાજયમાં અત્યાર સુધીમાં આચારસંહિતા ભંગની ૪૨૫૪ ફરિયાદો નોંધાઈ છે. આ અગાઉ વર્ષ ૨૦૧૯માં સમગ્ર ચૂંટણી દરમ્યાન ૩૪૯૦ ફરિયાદો નોંધાઈ હતી.

ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે, પંચ દ્વારા આચારસંહિતા ભંગની ફરિયાદો માટે નવી નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાથી પ્રમાણ વધ્યું હોવાનું માની શકાય છે. ચૂંટણી પંચે સી-વીઝીલ એપની સુવિધા આપી છે.

જેમાં રાજકીય પક્ષોના આગેવાનો, કાર્યકરોએ સામાન્ય નાગરિકો પણ આચારસંહિતા ભંગ થતો હોય તો મોબાઈલ મારફત જ ફરિયાદ નોંધાવી શકે છે અને રીટર્નીંગ ઓફિસર સમક્ષ રૂબરૂ જવાની જરૂરીયાત રહેતી નથી.

મતદાનના આડે હવે ગણતરીનાં દિવસ બાકી છે. ત્યારે હજુ ફરિયાદો વધી શકે છે અને આંકડો પાંચ હજારને પાર કરી જાય તેવી શકયતા નકારાતી નથી. રાજયમાં સામાન્ય ચૂંટણી વખતે અત્યાર સુધીમાં આચારસંહિતા ભંગની આ સૌથી વધુ ફરિયાદો નોંધાઈ છે.


સુત્રોના કહેવા પ્રમાણે મોટા ભાગની ફરિયાદો વિવાદીત વિધાનો સંબંધી હોય છે, આ સિવાય નિયત સમય મર્યાદાથી મોડી ચૂંટણી સભા યોજવાની, મતદારોને લલચાવવા નાણા કે કોઈપણ ચીજવસ્તુઓ અપાતી હોવાની અને દારૂ આપવા જેવી અન્ય ફરિયાદો થતી હોય છે.

રાજયમાં આચારસંહિતા ભંગની સૌથી વધુ ૧૩૫૨ ફરિયાદો અમદાવાદ જિલ્લામાં નોંધાઈ છે. જોકે આ પાછળનું કારણ જિલ્લાની ત્રણ બેઠકો છે.

## રાષ્ટ્રપતિ ભવનને બોંબથી ઉડાવી દેવાની ધમકી : આરોપીની ધરપકડ

નવી દિલ્હી,તા.૩ઃ બોમ્બના કોલથી દિલ્હી પોલીસના કંટ્રોલ રૂમમાં ગભરાટ ફેલાયો હતો. ફોન કરનારે પોલીસને જણાવ્યું કે રાષ્ટ્રપતિ ભવનમાં બોમ્બ મુકવામાં આવ્યો છે અને તે ૧૫ મિનિટમાં વિસ્ફોટ થશે. આટલું બોલતાની સાથે જ કોલ કરનારે ફોન સ્વીચ ઓફ કરી દીધો. ફોન આવતા પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો. આ પછી પોલીસે ભારે પ્રયાસ કરીને આરોપીને પકડી લીધો. આરોપીની ઓળખ રવિન્દ્ર તિવારી તરીકે થઈ છે. પોલીસે તેની પાસેથી એક મોબાઈલ ફોન કબજે કર્યો છે.

## પશ્ચિમ બંગાળનાં રાજયપાલ આનંદ બોઝે મહિલા કર્મચારીની જાતિય સતામણી કરી હોવાની ફરીયાદ નોંધાતા સનસનાટી



કોલકતા,તા. ૩ઃ

એક મહિલાનો આરોપ છે કે પશ્ચિમ બંગાળનાં રાજયપાલે તેને તેના બાયોડેટા સાથે રાજભવન ખાતેની ચેમ્બરમાં આવવા કહ્યું, જયાં તેણીની સાથે છેડતી કરવામાં આવી હતી. મહિલાએ વધુમાં કહ્યું કે આ અંગે પહેલા રાજભવન સ્થિત ચોકી પર તૈનાત પોલીસકર્મીઓને ફરિયાદ કરી હતી. ત્યાંથી તેને પોલીસ સ્ટેશન જવાનું કહેવામાં આવ્યું હતું.

કોલકાતા રાજભવનની એક હંગામી મહિલા કર્મચારીએ રાજયપાલ ડો. સી.વી આનંદ બોઝ પર છેડતીનો સનસનાટીભર્યો આરોપ લગાવ્યો છે. મહિલાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મહિલા ગતસાંજે લગભગ ૭ વાગે હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશન ગઈ હતી અને રાજયપાલે તેની બે વખત છેડતી કરી હોવાનો દાવો કરતી લેખિત ફરિયાદ નોંધાવી હતી. પહેલી ઘટના ગત ૨૪ એપ્રિલે બની હતી. ત્યારબાદ ગુરુવારે સાંજે ફરી તેની છેડતી કરવામાં આવી હતી. તેના પર રાજભવને કહ્યું છે કે સત્યની જીત થશે.

પોલીસ દ્વારા મહિલાની ઓળખ ગુપ્ત રાખવામાં આવી છે. એવું જાણવા મળ્યું છે કે મહિલા ૨૦૧૯થી રાજભવનમાં હંગામી ધોરણે કામ કરી રહી છે. તે રાજભવન સંકુલમાં આવેલી હોસ્ટેલમાં રહે છે.

બીજી તરફ તૃણમૂલ કોંગ્રેસે આ અંગે રાજયપાલ પર નિશાન સાધ્યું છે. બંગાળના નાણા રાજય મંત્રી અને ટીએમસીનાં નેતા ચંદ્રિમા ભટ્ટાચાર્યએ કહ્યું કે જયાં એક તરફ વડાપ્રધાન મોદી મહિલા શકતિની વાત કરી રહ્યા છે તો બીજી તરફ રાજયપાલ મહિલાઓનું અપમાન કરી રહ્યા છે. બંગાળની સાંસ્કૃતિક અને ઐતિહાસિક ધરતી પર કેવા પ્રકારની ઘટના બની રહી છે !!

## ચૂંટણીપંચે તમામ રાજકીય પક્ષોને ચેતવણી આપી : મતદારોની વિગતો માંગવાનું બંધ કરો - લાલચ આપો નહી



નવી દિલ્હી તા. ૩

દેશમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણીઓ વચ્ચે, ચૂંટણી પંચે તમામ રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષોને ચેતવણી આપી છે કે તેઓ મતદારોને રીઝવવા પોસ્ટ-પોલ પ્રલોભન નહી આપે તેમ ચૂંટણી પંચે રાજકીય પક્ષોને નિર્દેશ આપ્યો છે કે તેઓ મતદાન પછીની નફાલક્ષી યોજનાઓ માટે સર્વેક્ષણના નામે મતદારોની નોંધણી ન કરે. ચૂંટણી પંચે કહ્યું કે મતદાનના બદલામાં લાભ અને પ્રલોભન મેળવવાની શક્યતા ભ્રષ્ટાચાર સમાન છે.

ચૂંટણી પંચે આજે ચાલી રહેલી સામાન્ય ચૂંટણી ૨૦૨૪ની વિવિધ પૂર્વધારણાઓને ધ્યાનમાં રાખીને તમામ રાષ્ટ્રીય અને રાજ્ય રાજકીય પક્ષો માટે એક એડવાઈઝરી જારી કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે તમામ પક્ષોએ આવી કોઈપણ પ્રવૃત્તિને તાત્કાલિક બંધ કરી દેવી જોઈએ જેમાં કોઈપણ જાહેરાત/સર્વે/એપ દ્વારા ચૂંટણી પછી લાભાર્થી-લક્ષી યોજનાઓ માટે વ્યક્તિઓની નોંધણી સામેલ હોય. પંચે કહ્યું કે ચૂંટણી પછી લાભ આપવા માટે મતદારોને નોંધણી કરાવવા માટે આમંત્રિત કરવું એ ભ્રષ્ટ પ્રથા છે. પંચે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને કાયદાકીય જોગવાઈઓ હેઠળ આવી કોઈપણ જાહેરાતો સામે યોગ્ય પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે.

## ગુજરાતની તમામ આંગડીયા પેઢીઓએ રોકડ વ્યવહાર સ્વીકારવાનું બંધ કર્યુ

અમદાવાદ તા. ૩ઃ ચૂંટણી આચારસંહિતા સબબ રોકડ વ્યવહારો પર વોચ રાખવા માટે સ્ટેટસ્ટીક સર્વેલન્સ ટીમ દ્વારા સતત તપાસ કરવામાં આવી રહી છે. તેના કારણે તમામ આંગડિયા પેઢી દ્વારા ચૂંટણી આચારસંહિતા પૂર્ણ થયા બાદ જ રોકડ વ્યવહાર કરવાનો નિર્ણય કર્યો છે તેથી હાલ તો તમામ આંગડિયા પેઢી પર રોકડમાં નાણાકીય વ્યવહાર જ બંધ કરી દેવામાં આવ્યો હોવાની વિગતો જાણવા મળી છે.

## "જાગો લેઉવા પટેલો જાગો" - રાજકોટમાં પત્રીકા વાયરલ કરનાર ૪ કોંગી કાર્યકરોની અટકાયત

રાજકોટ. તા.૩

રાજકોટમાં લોકસભા ચૂંટણીનો પ્રચાર પ્રસાર અંતિમ પડાવમાં પહોંચ્યો છે ત્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વસતા લેઉવા પટેલ અને કડવા પટેલ સમાજ વચ્ચે મતભેદ અને વૈમન્યસ્ય ઉભું કરવાનાં ઈરાદા સાથે પત્રીકા જાહેરમાં વેંચી સોશીયલ મીડિયામાં વાયરલ કરનાર ચાર કોંગ્રેસી કાર્યકર સામે તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાયા બાદ ગત મોડી રાત્રે ક્રાઈમ ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયા સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો અને ચારેય કોંગ્રેસી કાર્યકરની ધરપકડ કરી હતી.

બનાવ અંગે રાજકોટમાં મવડીમાં ગાયત્રીપાર્કમાં સંસ્કાર સીટીની પાસે રહેતાં મહેશભાઈ રવજીભાઈ પીપરીયા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કેતન વાળા, પ્રકાશ વેજપરા, વિપુલ તારપરા, દિપ ભંડેરી તેમજ પત્રિકા તૈયાર કરનાર અજાણ્યાં શખ્સોના નામ આપતાં તાલુકા પોલીસે આઈપીસી ૧૫૩(એ), ૧૮૮,૧૧૪ અને લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. બાદમાં મોડીરાતે ક્રાઈમ બ્રાન્ચની ટીમે તમામ કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી હતી.

## ભારતમાં શહેરી વિસ્તારોમાં ખુશહાલી વધી રહી છે : ૭૬ ટકા લોકોએ સ્વીકાર્યુ

નવી દિલ્હી તા. ૩ : ભારતના શહેરી ક્ષેત્રોમાં ખુશહાલી વધી રહી છે. શહેરી ક્ષેત્રોમાં રહેતા પ્રતિ ચારમાંથી ત્રણ લોકોનું માનવું છે કે ભારત સાચી દિશામાં આગળ વધી રહ્યું છે. અને તેઓ આ વાતથી ખુશ છે. હેપીનેસ સર્વે એ ખુલાસા કરવામાં આવ્યા છે કે એપ્રિલમાં કરેલા સર્વે મુજબ, ૭૬ ટકા ભારતીય શહેરી ખુશ થવાનો દાવો કરે છે.

ટીયર ૧ શહેરોના લોકો સૌથી વધુ ખુશ છે. ટીયર ૨માં આ આંકડો ૭૯ ટકા છે. જો કે દક્ષિણી રાજયોમાં આ આંકડો ૫૫ ટકા રહ્યું છે. ભારત સૌથી વધુ આશાવાદી દેશોમાં ત્રીજું સ્થાન પર રહ્યું. ટોપ પાંચ ખુશહાલ દેશમાં સિંગાપોર ૭૭ ટકા, ઈન્ડોનેશિયા ૭૫ ટકા, ભારત ૭૩ ટકા, થાઈલેન્ડ ૬૪ ટકા, આર્જેન્ટીના ૬૨ ટકા સામેલ થયા છે. સૌથી ઓછા ખુશહાલ દેશમાં પેરૂ , હંગરી, ફ્રાન્સ, દક્ષિણ આફ્રિકા છે.

## અદાણી જૂથની ૬ કંપનીઓને સેબીએ શોકોઝ નોટીસ ફટકારી

મુંબઈ,તા.૩


અમેરીકન શોર્ટસેલર હીડનબર્ગનાં રીપોર્ટ બાદ એકાદ વર્ષ સુધી ભારે વિવાદમાં રહ્યા બાદ કલીનચીટ મેળવનાર અદાણી ગ્રુપ પર હવે સેબીએ સિકંજો કસ્યો હોય તેમ અદાણીની ૬ કંપનીઓને શોકોઝ નોટીસ ફટકારવામાં આવી છે.વિવિધ નિયમોનાં ભંગ બદલ માર્કેટ રેગ્યુલેટર દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. અદાણી ગ્રુપની ફલેગશીપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ દ્વારા બે શોકોઝ નોટીસ મળ્યાનો એકરાર કરવામાં આવ્યો છે. ૩૧ માર્ચે થયેલા ત્રીમાસીક ગાળા અંતર્ગત આ નોટીસ છે. આ સિવાય અદાણી પોર્ટ, અદાણી પાવર, અદાણી એનર્જી સોલ્યુશન, અદાણી વિલ્મર તથા અદાણી ટોટલ ગેસને ચાલુ સપ્તાહમાં નોટીસો ફટકારવામાં આવી છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો





તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...





સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....









CMYK

### જામનગરમાં મોદીએ ક્ષત્રિયોના બલિદાનની કરી પ્રશંસા

# કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ મુસ્લિમોને વોટજેહાદ માટે ભડકાવે છે : મોદી

## વડાપ્રધાને જામનગરમાં ચૂંટણી સભા સંબોધી અને કોંગ્રેસ પર તુષ્ટિકરણની રાજનીતિને લઈને આકરા પ્રહાર કર્યા



જામનગર, તા.૨

લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં પ્રચાર અર્થે આવેલા પીએમ નરેન્દ્ર મોદીએ જામનગરમાં જંગી જનસભા સંબોધી હતી એ પહેલા તેમણે જામસાહેબની મુલાકાત કરી તેમના આશિર્વાદ મેળવ્યા હતા. આ સમયે જામસાહેબે તેમને પાઘડી પહેરાવી વિજયી ભવો:ના આશિર્વાદ આપ્યા હતા. આ વાતનો ઉલ્લેખ ખુદ પીએમ મોદીએ તેમની જનસભામાં કર્યો. પીએમ મોદીએ તેમની જનસભાની શરૂઆતમાં કહ્યુ કે ગુજરાત હોય કે તમિલનાડુ હોય કે કાશ્મીર કન્યાકુમારી હોય કે આસામ હોય જ્યાં જ્યાં ગયો, મે આવો ઉત્સાહ, આવો ઉમંગ અને આટલો બધો વિશ્વાસ અને કમિટમેન્ટ ન ૨૦૧૪માં જોયુ છે ન ૨૦૧૯માં જોયુ છે જે હું ૨૦૨૪માં જોઈ રહ્યો છુ. વડાપ્રધાને વધુમાં જણાવ્યુ કે ગુજરાતે વર્તમાનમાં દેશ માટે જે યોગદાન આપ્યુ છે એટલુ જ યોગદાન અતિતમાં પણ આપ્યુ છે. જામનગરના મહારાજા દિગ્વિજય સિંહે દ્વિતિય વિશ્વયુદ્ધ સમયે પોલેન્ડના નાગરિકોને અહીં જામનગરમાં શરણ આપ્યુ હતુ. આજે પણ પોલેન્ટની પાર્લામેન્ટમાં જ્યારે સત્ર શરૂ થાય છે ત્યારે સૌથી પહેલા જામનગરને અને દિગ્વિજયસિંહજી મહારાજને યાદ કરવામાં આવે છે. બાદમાં પાર્લામેન્ટની કાર્યવાહી શરૂ થાય છે. તેમણે જે બીજ વાવ્યા તેના કારણે આજે પણ પોલેન્ડની સાથે આપણા સંબંધો ઘણા ગાઢ બન્યા છે. જેમ મે કહ્યુ જામ સાહેબના પરિવાર સાથે મારે જે નાતો રહ્યો છે. એમના આશિર્વાદ રહ્યા છે, તેથી અહીમ આવતા સમયે તેમના આશિર્વાદ લેવા માટે ગયો હતો અને તેમણે મને ઘણા પ્રેમથી પાઘડી પહેરાવી. આશિર્વાદ આપ્યા. જ્યારે જામ સાહેબ વિજયી ભવઃ કહે છે તો એ વિજય નિશ્ચિત જ થઈ જાય છે.

ક્ષત્રિયોની નારાજગી વચ્ચે જામનગરમાં વડાપ્રધાન મોદીએ ક્ષત્રિયોના બલિદાનની પ્રશંસા કરી અને કહ્યુ કે આપણા દેશના રાજા મહારાજાઓએ અખંડ ભારત બનાવવા માટે પોતાની પેઢીઓથી ચાલ્યુ આવતા રાજપાટ આપી દીધુ હતુ. તેમના યોગદાનને આ દેશ ક્યારેય ભૂલી નહીં શકે. પરંતુ આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ ઈતિહાસની આ મહત્વપૂર્ણ ઘટનાને નકારી દેવામાં આવી. આજે પણ શહેઝાદા જે ભાષા બોલે છે તેને દેશ સ્વીકાર ન કરી શકે પરંતુ મે ભારતની એકતામાં સરદાર વલ્લભભાઈ પટેલનું જે યોગદાન રહ્યુ છે અને દુનિયાનું સૌથી મોટુ સ્ટેચ્યુ બનાવ્યુ અને ત્યાં જ દેશની એક્તા માટે યોગદાન દેનારા રાજપરિવારોનું મ્યુઝિયમ બનાવવા જઈ રહ્યો છુ. આઝાદીના આટલા વર્ષો બાદ આ માનસન્માન દેવાનો કોઈ સરકારોને વિચાર ન આવ્યો, માત્ર મને આવ્યો છે. કારણ કે હું ઈતિહાસની મહાનતાને પૂજનારો વ્યક્તિઓમાંથી છું. હું જાણુ છુ કે જે ઈતિહાસને ભૂલી જાય છે તેઓ ક્યારેય ઈતિહાસ બનાવી નથી શક્તા.

ક્ષત્રિયોની નારાજગી મુદ્દે પીએમ મોદીએ આડકતરી રીતે કહ્યુ કે જો કોઈ મુદ્દાને લઈને કોઈને નારાજગી હોય અને કોંગ્રેસને મત આપવાનુ વિચારતા હોય તો તેમને મારે કહ્યુ છે કે સરકાર બનાવવા માટે દેશમાં ૨૭૨ સીટો હોવી જરૂરી છે. કોંગ્રેસ પાર્ટી ટોટલ ૨૭૨ સીટ પર ચૂંટણી જ નથી લડી રહી તો તેને વોટ આપીને વોટ શા માટે બર્બાદ કરો છો? આની પાછળ કોઈ લોજિક છે ખરુ?

પીએમ મોદીએ કહ્યુ કુપ્રચારથી શરૂ થયેલી કોંગ્રેસની રાજનીતિ આજે કુંઠિત થઈ ગઈ છે. તેમની કુંઠા પહેલા ગુજરાતને લઈને હતી. આજે કોંગ્રેસની અંદર દેશની પ્રગતિને લઈને પણ એજ કુંઠા, એજ નફરત રગ રગમાં ભરી પડી છે. આજે દુનિયામાં ભારતનું કદ પણ વધ્યુ છે અને ભારતનું સન્માન પણ વધી રહ્યુ છે. તો કોંગ્રેસના શહેઝાદા અને તેની પુરી ઈકોસિસ્ટમ વિદેશોમાં જઈ ભારતને બદનામ કરવા માટે લાંબા લાંબા ભાષણ દઈને આવે છે. એ લોકોએ જ્યારે સત્તા છોડી ૨૦૧૪માં ત્યારે આપણા દેશની અર્થ વ્યવસ્થા દુનિયામાં ૧૧માં નંબર પર હતી. તમને જાણીને નવાઈ લાગશે કે દેશ જ્યારે આઝાદ થયો હતો ત્યારે આપણે દુનિયામાં છઠ્ઠા નંબરે હતા. આ લોકો તેને ૬ થી ૧૧ નંબર પર લઈ ગયા અને એક ચાવાળો આવ્યો. એની રગોમાં ગુજરાતી લોહી છે અને દુનિયામાં ૧૧ નંબરની જે ઈકોનોમી હતી તે પાંચ નંબર પર પહોંચી ગઈ અને મને આપનો આશિર્વાદ સત્તા સુખ માટે નથી જોઈતો. પદ પ્રતિષ્ઠા માટે નથી જોઈતો ૨૦૧૪માં પ્રધાનમંત્રીના શપથ લીધા બાદ ઈતિહાસમાં નામ નોંધાઈ ગયુ છે. મોદીના મનમાં એક સંકલ્પ છે અને એ સંકલ્પને આ ત્રીજી ટર્મમાં પુરો કરવો છે. મારો સંકલ્પ છે કે હિંદુસ્તાનને દુનિયાની પ્રથમ ત્રણ અર્થવ્યવસ્થાઓમાં લાવીને મુકવુ. આપ કલ્પના કરી શકો છે જ્યારે વિશ્વમાં ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા ભારત બને છે તો દુનિયા માટે ભારતને જોવાનો નજરિયા પણ કેટલો બદલાઈ જશે. ભારતની આવશ્યકતાઓની પૂર્તિ ભારતની આકાંક્ષાઓની પૂર્તિ ભારતના નવજવાનોના સપનાને સાકાર કરવાનું સામર્થ્ય હિંદુસ્તાનનું પોતાનુ હશે. ભારત આત્મનિર્ભર હશે. હિંદુસ્તાનને દુનિયામાં ક્યારેય કોઈની પાસે હાથ ફેલાવાની જરૂર નહીં પડે. આવુ ભારત બનાવવા માટે મારે આશિર્વાદ જોઈએ

વડાપ્રધાને કહ્યુ કોંગ્રેસના મોટા મોટા વિદ્વાનો દેશની પ્રગતિને નીચી દેખાડવા માટે કહે છે ત્રીજા નંબરની ઈકોનોમી બનવા માટે કરવાની શું જરૂર છે, સૂતા રહો. જે લોકો દરેક વસ્તુનું સોલ્યુશન ખટાખટ ખટાખટ કરીને ગરીબી દૂર કરવાની વાતો કરે છે, તેમને સમસ્યાઓ, પડકારોની સામે કેવી રીતે ટકરાવુ, સમસ્યાઓનું સમાધાન કરવુ, તે ક્યારેય કદી વિચાર્યુ પણ નહીં હોય. કોંગ્રેસનો મેનિફેસ્ટો દેશ માટે ખતરાની ઘંટી છે. કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ જોવા મળે છે. એ સમયે કેટલાક લોકોને લાગ્યુ હશે કે આ તો એક પોલિટિકલ સ્ટેટમેન્ટ છે. જે ભાષા મુસ્લિમ લીગ બોલતી હતી, દેશની આઝાદી પહેલા ભારતના વિભાજનની ભાષા, જે નેરેટિવ ઘડવામાં આવ્યા હતા, દુર્ભાગ્યથી કોંગ્રેસનો મેનિફેસ્ટો એજ તમામ વાતો સાથે લોકો પાસેથી વોટ માગી રહ્યા છે. ઈન્ડી એલાયન્સની રેલીઓમાં ઈન્ડી એલાયન્સના નેતા મુસ્લિમ વોટર્સને વોટ જેહાદ કરવાની અપીલ કરે છે.

પીએમએ કહ્યુ કોંગ્રેસનો વોટ જેહાદ સાથે સંબંધ શું છે તે ઈતિહાસમાં ડોકિયુ કરવાથી તમને ખબર પડશે. તમે યાદ કરો જ્યારે દેશમાં જેહાદના નામ પર આતંકી હુમલા થતા હતા. ત્યારે આ આતંકીઓની પેરવી માટે સૌથી પહેલા કોંગ્રેસના લોકો આગળ આવતા હતા. કાશ્મીરમાં અલગાવવાદી જેહાદીઓની યજમાની તત્કાલિન પ્રધાનમંત્રી કરતા હતા અને તેની તસ્વીરો પણ અત્યારે ઉપલબ્ધ છે.

# જયેશ રાદડિયા ની મુશ્કેલીઓ વધી એક જ જગ્યા માટે ૪ ફોર્મ ભરાયા

### ઈફકોની ચૂંટણી માટે જયેશ રાદડિયાએ ફોર્મ ભરવા છતાં પણ ભાજપે બિપીન પટેલના નામનું મેન્ટેડ મોકલ્યું

રાજકોટ, તા.૩

ઈફકો ની ચૂંટણી તારીખ ૯મી મેના દિવસે યોજાવાની છે ત્યારે તે પહેલા ગુજરાતમાં નવુ રાજકારણ જોવા મળ્યું છે. ઈફકોમાં પણ ભાજપમાં આંતરિક ડખા જોવા મળી રહ્યાં છે. ઈફકોમાં એક જગ્યા માટે ૪ ફોર્મ ભરાયા છે. ભાજપમાં ક્યાંય ઓલ ઈઝ વેલ નથી. તો બીજી તરફ, ભાજપ રાદડિયાનું પત્તુ કાપવાના ફિરાકમાં છે તેવી ચર્ચા પણ ચાલી રહી છે.

આગામી ૯ મેના રોજ ઈફકોની ચૂંટણી યોજાવાની છે. જેમાં ભાજપ દ્વારા અમદાવાદ ગોતા વિસ્તારના બીપીન નારણભાઈ પટેલના જે બિપિન ગોતા નામથી જાણીતા છે તેમના નામનો મેન્ડેટ જારી કરાયો છે. હવે મુદ્દો એ છે કે, ગુજરાત માટે આ કેન્દ્રીય સંસ્થામાં બે સીટ હોય છે. આ સીટ માટે છેલ્લા ચાર દિવસ ફોર્મ ભરાયાછે. દિલીપ સંઘાણી ઉપરાંત જયેશ રાદડીયાએ પણ ફોર્મ ભર્યું છે. આ વચ્ચે હવે અમદાવાદથી અમિત શાહના ખાસ ગણાતા બિપીન પટેલે ભાજપે મેન્ટેડ મોકલ્યું છે, તેથી તેમણે પણ ઉમેદવારી નોંધાવી છે. તો હવે મોડાસાના પંકજ પટેલ અને માણાવદરના વિજય દેવજીભાઈ ઝાટકીએ પણ ઉમેદવારી નોંધાવી છે. આમ, એક જ જગ્યા માટે ચાર ઉમેદવારો આવ્યા છે. ઈફકોમા એક બેઠક માટે ચાર ઉમેદવારો આવતા ચૂંટણી રસાકસીભરી બની રહેશે. હવે મુદ્દો એ છે કે, ચાલુ ટર્મમાં પણ રાદડીયા ઈફકોમાં ડિરેક્ટર રહ્યા છે અને તેઓ બિનહરીફ ચૂંટાયા હતા. જ્યારે દિલિપ સંઘાણી ચેરમેન પદે છે. ઈફકોની ગવર્નીંગ બોડીમાં એક સીટ હોય છે અને રાજકોટ જિલ્લાના ૪૨ સહિત ૧૭૬ ડેલીગેટ્સ તેના મતદારો હોય છે. ભાજપ દ્વારા છેલ્લા કેટલાક સમયથી સહકારી ક્ષેત્રની ચૂંટણી પણ પક્ષીય ધોરણે લડાય છે અને આ માટે મેન્ડેટ આપવાની પ્રથા થાય છે. ત્યારે હવે ગુજરાતમાંથી વધુ એક ઉમેદવારી જતા મામલો પેચીદો બન્યો છે. હવે આ મામલે પક્ષમાં આંતરિક ખેંચતાણના એંધાણ જોવા મળ્યો છે. હવે આગામી દિવસમાં જ ખુલાસો થશે કે રાદડિયા ફોર્મ પરત ખેંચે છે કે નહીં કારણ કે બિપીન પટેલ એ અમિત શાહના ખાસ છે. બિપિન પટેલ અને જયેશ રાદડિયા બંને સહકારી આગેવાનો છે. રાદડિયા ગત ચૂંટણીમાં ઈફકોમાં બિનહરિફ ચૂંટાયા હતા. ભાજપે બિપિન પટેલનો મેન્ડેટ જાહેર કરતાં હવે એ સ્પષ્ટ છે કે ભાજપ રાદડિયાને સાઈડલાઈન કરવાના મૂડમાં છે.

ભાજપના મેન્ડેટ છતાં રાદડિયાએ ફોર્મ ભરી લેતાં એ સ્પષ્ટ થઈ ગયું છે કે રાદડિયા ભાજપના મેન્ડેટનો અનાદર કરીને પણ ચૂંટણી લડી શકે છે. ઈફકોની ચૂંટણી ૯મી મેના રોજ છે અને લોકસભાની ચૂંટણી ૭મી મેના રોજ છે. હવે રાદડિયા નારાજ રહે તો ભાજપને ભારે પડી શકે છે. સહકારી ક્ષેત્રમાં મેન્ડેટની જરૂર જ નથી હોતી પણ હવે ભાજપ મેન્ડેટ જાહેર કરે છે. ભાજપે ઈફકો માટેનો મેન્ડેટ બિપિન પટેલને જાહેર કર્યો છે. આ સ્પષ્ટ છે કે રાદડિયાને સાઈડલાઈન કરાયા છે પણ જયેશ રાદડિયા ઝૂકવાના મૂડમાં જરા પણ નથી લાગી રહ્યા.

# સીમલા ખાતે યોજાયેલ સ્કેટીંગ સ્પર્ધામાં જૂનાગઢના બે યુવાનોએ મેદાન માર્યુ

જૂનાગઢ તા.૩

સીમલા ખાતે ઓલ ઈન્ડીયા ઓપન રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હરિયાણા હિમાચલ ગુજરાત મહારાષ્ટ્ર સિમલા દિલ્હી કેરેલા નેપાળ જેવા અલગ અલગ રાજ્યમાંથી ૩૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં આપણા જૂનાગઢની **Challang Skate academy**ના સ્કેટર્સ એવા માનવ ચૌહાણને ગોલ્ડ મેડલ અને ધૈર્ય ગૌતમ દ્વારા બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી જૂનાગઢનું નામ ઉજાગર કર્યું છે. આ તકે એમના કોચ એવા શ્રી પરાગભાઈ કારીયા એ આ બંને સ્પર્ધકોને તથા તેમના માતા પિતાને ધન્યવાદ આપ્યા હતા. જુનાગઢ અને સીમલા અલગ પ્રદેશ અને સાવ અલગ વાતાવરણ હોવા છતાંય આપણા જૂનાગઢના આ બંને સ્પર્ધકોએ પોતાની પ્રતિભા નો પરિચય આપી જોમ અને જુસ્સા સાથે સ્પર્ધા પૂરી કરી એ બદલ શ્રી પરાગભાઈ કારીયા એ અભિનંદન પાઠવ્યા હતા.



(તસ્વીર : અલ્ફેઝ ભટ્ટી)

### આરોપીનું કૃત્ય પોલીસની સત્તાના દુરુપયોગનો 'ક્લાસિક કેસ': હાઈકોર્ટ

# લાંચ કેસમાં સસ્પેન્ડેડ પીઆઈ તરલ ભટ્ટની જામીન અરજી ફગાવાઈ

### હાઈકોર્ટે જામીન અરજી રદ કરતાં આદેશમાં નોંધ્યું છે કે, 'આરોપી જેતે સમયે જૂનાગઢના માણાવદરના સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર હતો

અમદાવાદ, તા.૩

ક્રિકેટના સટ્ટા સાથે સંકળાયેલા લોકો પાસેથી રૂપિયાની ઉઘરાણી કરવાના ગુનાના કેસમાં જૂનાગઢના સસ્પેન્ડેડ પીઆઈ તરલ ભટ્ટની જામીન અરજી હાઈકોર્ટે ફગાવી કાઢી છે. હાઈકોર્ટે એવું અવલોકન કર્યું છે કે આરોપીનું કૃત્ય પોલીસની સત્તાના દુરુપયોગનો ક્લાસિક કેસ છે. હાઈકોર્ટે જામીન અરજી રદ કરતાં આદેશમાં નોંધ્યું છે કે,'આરોપી જેતે સમયે જૂનાગઢના માણાવદરના સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર હતો. તેણે અને અન્ય સાથીદારોએ મળીને એક કાવતરું ઘડી કાઢ્યું હતું.

જેમાં ક્રિકેટના સટ્ટા સાથે સંકળાયેલા લોકોના બેંક ખાતા અને એમાં થયેલા બોગસ વ્યવહારોને શોધી કાઢી આવા ખાતેદારોના બેંક ખાતા આરોપીએ ફ્રીઝ કરાવી દીધા હતા. ત્યારબાદ તેણે વ્યક્તિગત રીતે આ ખાતેદારોને વોટ્સએપ કોલ કરીને રૂપિયાની માંગ કરી હતી. એટલું જ નહીં ખાતાની રકમ પૈકી ૪૦થી ૫૦ ટકા રકમ લાંચ તરીકે માંગી હતી. સાથે જ એવી ધમકી પણ આપી હતી કે જો રૂપિયા નહીં આપવામાં આવે તો ઈડી સમક્ષ તેમની ફરિયાદ કરી દેવામાં આવશે. આરોપી તરફથી દલીલ કરવામાં આવી હતી કે આરોપી વિરૂદ્ધ કેટલાક નિવેદનો સિવાય કોઈ પુરાવા નથી. પરંતુ જામીનના સ્તરે સાક્ષીઓના નિવેદન પુરતા હોય છે. એટલું જ નહીં આ સાક્ષીઓ ક્રિકેટ સટ્ટાના ગુનામાં સંકળાયેલા હોઈ તેમના નિવેદનો વિશ્વાસપાત્ર નહીં હોવાની દલીલ પણ સ્વીકારી શકાય નહીં. ચોંકાવનારી બાબત તો એ છે કે બીરજુ શાહ નામની વ્યક્તિ કે જે દુબઈથી ક્રિકેટના સટ્ટાનું રેકેટ ચલાવતો હતો તેણે તરલ ભટ્ટને રૂ. ૩૭ લાખથી વધુની રકમ આંગડિયા મારફતે આપી છે. બીરજુ શાહના ખાતાને પણ આરોપીના કહેવાથી ફ્રીઝ કરી દેવાયા હતા. ઉક્ત તમામ મુદ્દાને ધ્યાનમાં લેતાં અરજી રદ કરવામાં આવે છે.'

## જામનગર-સૌરાષ્ટ્ર આસપાસ દૈનિકનાં નિવાસી તંત્રી વિજયભાઈ કોટેચાનાં માતુશ્રીનું નિધન



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩

ભાનુમતિ બેન દયાળજીભાઈ કોટેચા (ઉ.વ.૯૫) તે દીપકભાઈ, કિશોરભાઈ, વિજયભાઈ કોટેચા (નિવાસી તંત્રી, સૌરાષ્ટ્ર આસપાસ દૈનિક જામનગર) કરુણાબેન, ઈલાબેન, દીપ્તિબેનનાં માતા, રમેશભાઈ, નિલેશભાઈ, જયેશકુમારનાં સાસુનું તા.૨/૫/૨૦૨૪નાં અવસાન થયું છે.

સદગતનું ઉઠમણું તા.૩/૫/૨૦૨૪ ને શુક્રવારે સાંજે ૦૪:૦૦ થી ૦૪:૩૦ દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે પાબારી હોલ, તળાવની પાળ, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

# બિલખામાં ઝેરી દવા પી જતા આધેડનું સારવાર દરમ્યાન મૃત્યું


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

બિલખામાં ઝેરી દવા પી જતા મૃત્યું થયાનો બનાવ બનવા પામેલ છે. પોલીસે આપેલી વિગત અનુસાર, રામકુભાઈ એભલભાઈ બોરીચા (ઉ.વ.૬૨) સતત માનસિક ટેન્શનમાં રહેતા હોય જેથી કંટાળી જઈ પોતાની રીતે ઘઉંમાં નાખવાના સેલફોર્સના ટીકડા ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું થયુંછે. આ બનાવ અંગે બિલખા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પાણી સપ્લાયના આંકડાઓના આધારે સુરતની વસ્તી અમદાવાદને વટાવી ગઈ હોવાનું તારણ

# રાજકોટમાં દરરોજ માથાદીઠ ૨૦૯ લીટર, જામનગરમાં ૧૮૩ લીટર પાણીનું વિતરણ



### આઠ મહાનગરોમાં પાણી સપ્લાય અને માથાદીઠ વિતરણ વિશે શહેરી વિકાસ વિભાગનો રસપ્રદ રીપોર્ટ : સુરત અને જુનાગઢ સિવાયના શહેરોને નર્મદાના પાણી આપવા પડે છે

અમદાવાદ, તા. ૪

રાજયના આઠ મહાનગરોમાં સૌથી વધુ પાણી સપ્લાય સુરતને થઈ રહી છે ત્યારે રાજકોટનો નંબર ત્રીજો છે. પાણી સપ્લાયના આધારે સુરતની વસ્તી અમદાવાદ કરતા પણ વધી ગઈ હોવાનું તારણ નીકળ્યું છે. વસ્તીની દ્રષ્ટિએ રાજકોટ કરતા ભાવનગરની વસ્તી ઓછી હોવા છતાં ત્યાં પાણીનો વધુ વપરાશ છે માથાદીઠ સૌથી ઓછી પાણીની સપ્લાય જુનાગઢમાં થાય છે.

રાજય સરકારના શહેરી વિકાસ વિભાગના રીપોર્ટના આધારે રાજયના આઠ મહાનગરોમાં પાણી વિતરણનું રસપ્રદ તારણ નીકળી રહ્યું છે. રાજયમાં સૌથી મોટો ૪૮૦ સ્કવેર કિ.મી.નો વિસ્તાર અમદાવાદનો છે છતાં ૪૬૨.૧૪ સ્કવેર કિ.મી.નો વિસ્તાર ધરાવતું સુરત ૮૨ લાખ લોકોને પાણી પુરૂ પાડે છે. અમદાવાદ ૮૦ લાખ લોકોને પાણીનું વિતરણ કરે છે. સતાવાર આંકડા પ્રમાણે સુરતમાં હિઝરતી વસ્તી વધારે હોવાથી પાણીનો વપરાશ વધુ છે. સુરતમાં પાણી તાપીમાંથી મળે છે. ૨૦૧૧ના વસ્તી ગણતરીના રીપોર્ટ પ્રમાણે અમદાવાદની વસ્તી ૫૫.૭૭ લાખ નોંધાઈ હતી ત્યારે સુરતની ૪૪.૬૬ લાખ હતી.

અમદાવાદ કરતા સુરતમાં વધુ પાણી વિતરણથી શહેરી વિકાસ મંત્રાલય પણ આશ્ચર્ય વ્યકત કરી રહ્યું છે. મંત્રાલયના રીપોર્ટમાં માથાદીઠ પાણી વિતરણના તફાવત વિશે પણ રસપ્રદ વિગતો જાહેર કરવામાં આવી છે.

રાજકોટને લાગે વળગે છે ત્યાં સુધી દરરોજ ૩૭૫ એમએલડી પાણી વિતરણ કરવામાં આવે છે અને તેમાંથી ૩૬ ટકા નર્મદાનું પાણી હોય છે બાકીનું આજી, ન્યારી જળાશયો આધારીત છે. રાજકોટમાં માથાદીઠ ૨૦૯ લીટર પાણીનું વિતરણ થાય છે.

ભાવનગરમાં આઠ લાખની વસ્તી હોવા છતાં માથાદીઠ પાણી વિતરણ ૨૧૩ લીટરનું રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં માથાદીઠ સૌથી વધુ પાણી વિતરણ કરતા શહેરોમાં ભાવનગર બીજા ક્રમે છે. દરરોજ ૧૭૦ એમએલડી પાણીનું વિતરણ કરવામાં આવે છે. જોકે ૧૦ એમએલડીની ખાધ રહેતી હોય છે.

વડોદરા ૨૨૦.૧૩ સ્કવેર કિ.મી.નો વિસ્તાર ધરાવે છે અને દરરોજ માથાદીઠ ૨૩૭ લીટર પાણીનું વિતરણ કરે છે.

જુનાગઢમાં સૌથી ઓછું માથાદીઠ માત્ર ૫૭ લીટર પાણીનું વિતરણ થાય છે. તેનો વિસ્તાર ૧૬૦ સ્કવેર કિ.મી.નો છે. અને વસ્તી પણ ૩.૮૩ લાખની જ છે.

અમદાવાદમાં દરરોજ ૧૬૦૦ એમએલડી પાણીનું વિતરણ થાય છે. વસ્તીને ગણતરીમાં લેવામાં આવતા માથાદીઠ ૨૦૦ લીટર થવા જાય છે.


સુરતમાં માથાદીઠ ૧૮૨ લીટર પાણીનું વિતરણ થાય છે. કુલ સપ્લાય ૧૫૦૦ એમએલડીની રહે છે.

૨૦૧૬ના નેશનલ બિલ્ડીંગ કોડમાં એવું સૂચવાયું હતું કે, માથાદીઠ ૧૫૦થી ૨૦૦ લીટરનું પાણી વિતરણ ઘટાડીને ૧૩૫ લીટર કરવામાં આવે, ૧૫૦થી ૨૦૦ લીટરના વિતરણમાં માથાદીઠ ૪૫ લીટર ફલશ કરવામાં જતું હોય છે અને બાકીનો વપરાશ અન્ય કામોમાં થતો હોય છે.

શહેરી વિકાસ મંત્રાલયના આ રીપોર્ટના આધારે એમ સુચવાય છે કે સમગ્ર ગુજરાતમાં પાણી વપરાશના પેટર્નમાં સુધારો કરવાની અને તમામ શહેરોમાં સમાન ધોરણે પાણી ઉપલબ્ધ થાય તેવા કદમ ઉઠાવવાની જરૂર છે.

૨૦૦૯ પછી કોર્પોરેશનનો દરજ્જો પામેલા અનેક શહેરોને નિયમિત રીતે પાણી મળી શકતું નથી. વાસ્તવમાં માથાદીઠ પાણી વિતરણ ૮૦ થી ૧૦૦ લીટરનું જ હોઈ શકે છે પરંતુ ખુબ મોટો બગાડ થતો હોવાની આશંકા છે.

# જૂનાગઢમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિજય વિશ્વાસ ચુંટણી સભા યોજાઈ



## જૂનાગઢ, પોરબંદર અને અમરેલી બેઠકના ભાજપના ઉમેદવારના સમર્થનમાં યોજાયેલી સભામાં વડાપ્રધાનનો જાદુ છવાયો ?

જૂનાગઢ, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગઈકાલે જૂનાગઢમાં વિજય વિશ્વાસ સભા યોજવામાં આવી હતી. જૂનાગઢ, પોરબંદર અને અમરેલી લોક સભાની બેઠકના ભાજપના ઉમેદવાર તેમજ માણાવદર વિધાનસભાની બેઠકની પેટા ચુંટણીના ભાજપના ઉમેદવારના સમર્થનમાં યોજાયેલી આ ચુંટણી જાહેર સભામાં ત્રણેય જીલ્લાના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટીના વરીષ્ઠ આગેવાનો, કાર્યકર્તાઓ અને જનમેદની જોવા મળતી હતી. લોક સભાની ચુંટણીનો ગુજરાતનો તબકકો આગામી તા.૭મી મેના રોજ યોજાઈ રહ્યો છે અને ચુંટણી પૂર્વે છેલ્લા બે દિવસ થયા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચુંટણી જાહેર સભાઓ યોજવામાં આવી હતી ત્યારે ગઈકાલે જૂનાગઢમાં કૃષિ યુનિ.ના કેમ્પસ ખાતે એક જાહેર સભા યોજવામાં આવી હતી. ઉનાળાના સખ્ત તાપ અને ગરમીના અતિ આક્રમણ વચ્ચે યોજાયેલી આ સભામાં જનમેદની ઉમટી પડી હતી. આ ચુંટણી સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકો સમક્ષ પ્રેરક ઉદબોધન કર્યુ હતું. ખાસ કરીને ભારતની વિકાસની દ્રષ્ટીએ વિકસીત ભારત તરીકે સ્થાપીત કરવાની હાકલ કરી હતી. ઉપરાંત વડાપ્રધાને જણાવ્યું હતું કે, ૧૦ વર્ષ થયા હુ તમારા માટે જ કામ કરતો રહ્યો છું. પળેપળ જનહિતાર્થે વ્યતિત કરેલ છે અને વિકાસ અને જનજન સુધી સુખ સુવિધાઓ અને યોજનાનો લાભ લોકોને પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસો રહ્યા છે. લોક સભા ૨૦૨૪ની આ ચુંટણીમાં પણ નવા સંકલ્પ સાથે આવ્યો છું અને ૨૪x૭ સતત કામગીરી કરવી છે. ઈશ્વરે આપેલી ઉંમરના પ્રમાણમાં પણ મારે સતતને સતત ભારત માટે વ્યતિત કરવો છે અને ૨૦૪૭ની સાલમાં આઝાદીના સુવર્ણકાળની ઉજવણીમાં સમગ્ર વિશ્વ ભારત દેશના વિકાસ યાત્રાને જોઈ શકે અને ભારતની વિકસીત દેશ તરીકે સર્વશ્રેષ્ઠ સ્થાપીત થઈ જાય તે માટેના પ્રયાસો છે અને આ સંકલ્પ લઈને હું આવ્યો છું અને વિશ્વાસ છે કે, અમારા લક્ષ્યાંક અને સંકલ્પને પૂર્ણ કરી શકશું. ભારે ગરમી અને તાપમાનનો પારો ૪૦ ડિગ્રી પાર હોવા છતાં પણ વિશાળ સંખ્યામાં જનમેદની પોતાના લાડીલા વડાપ્રધાનને સાંભળવા માટે ગરમીમાં પણ એકત્રી થઈ હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે જૂનાગઢ ખાતે યોજાયેલી વિજય વિશ્વાસ ચુંટણી સભામાં પોતાની આગવી શૈલીમાં જાદુ પ્રસરાવ્યો હતો અને ઉપસ્થિત જનસમુદાય પણ વડાપ્રધાનના એક એક બોલને વધાવી લેતા હતા. ગઈકાલે વડાપ્રધાનની યોજાયેલી સભાના કાર્યક્રમની સમાપ્તી બાદ લોકો વિખરાયા હતા અને કૃષિ યુનિ.સંકુલ તેમજ મોતીબાગ સહિતના માર્ગો ઉપર એક કલાક સુધી ટ્રાફીક રહ્યો હતો.

## ઉનામાં ભગવાન પરશુરામની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી થશે

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૩

ઉનામાં આગામી તારીખ ૧૦/૫/૨૦૨૪ને શુક્રવારે બ્રહ્મણોના આરાધ્ય દેવ અને અજરા અમર વિષ્ણુ ભગવાનના છઠ્ઠા અવતાર શ્રી પરશુરામ ભગવાનનો જન્મ મહોત્સવ ભવ્ય અને દિવ્ય રીતે ઉજવવા આયોજન કરવા સમસ્ત બ્રહ્મ સમાજની વાડીમાં એક મીટીંગ યોજી હતી જેમાં શ્રી પરશુરામ યુવા સંસ્થાન, શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, સમુહ લગ્ન સમિતિ, બ્રહ્મ કર્મચારી મંડળ, ઉન્નત પુરમ સંસ્કૃત પાઠ શાળાના આગેવાનો અને તાલુકા અને શહેરના તમામ તડ ગોળના આગેવાનો મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને સર્વાનું મતે ભવ્ય રીતે ઉજવણી કરવા નક્કી કરવામાં આવ્યું હતું. બપોરે બે કલાકે તમામ બ્રહ્મ પરિવારે પોતાના કામ ધંધા બંધ રાખી બ્રહ્મ સમાજની વાડીએ ભેગા થઈ શ્રી ભગવાન પરશુરામની મૂર્તિની પૂજન ત્યારબાદ ભવ્ય શોભા યાત્રા નીકળશે જે શહેરના મુખ્ય માર્ગે ફરશે અને સાંજે કન્યા વિદ્યાલયના મેદાનમાં પૂર્ણ થશે ત્યારબાદ મહા આરતી, સમુહ મહા પ્રસાદ યોજાશે તેમજ રાત્રિના બ્રહ્મ સમાજના કલાકારો દ્વારા સંગીત સંધ્યા યોજાશે. આ ઉત્સવ ઉજવવા તમામ ભૂદેવ પરિવાર જહેમત ઉઠાવી રહ્યા છે.

## જૂનાગઢ જીલ્લામાં આજ તા.૩ મેના મતદાન જાગૃતિના સંદેશા સાથે રંગોળીનું આયોજન

જૂનાગઢ, તા. ૩

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત જૂનાગઢ શહેરમાં તા.૩ મેના રોજ રાત્રે ૯ કલાકે રેલવે સ્ટેશન, સરદાર ગેટ, સિવિલ હોસ્પિટલ, ઉપરકોટ (મેઈન ગેટ) , સુરજ સિનેમા, કાળવા ચોક, દરબાર હોલ મ્યુઝીયમ, ભવનાથ તળેટી સહિતના સ્થળોએ પ્રોફેશનલ આર્ટિસ્ટો દ્વારા રંગોળી બનાવી લોકોને મતદાન કરવા માટે પ્રેરીત કરવામાં આવશે.આ ઉપરાંત તાલુકા કક્ષાએ પણ રંગોળીનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

## કેશોદના મોટી ઘંસારી, અજાબ, ચર સહિતના ગામોમાં મતદાન જાગૃતિ માટે વહીવટી તંત્રના આગવા પ્રયાસ




જૂનાગઢ, તા.૩

ડોર ટુ ડોર કચરો એકત્ર કરતી ઈ રીક્ષા નો મતદાન જાગૃતિ માટે આગવી રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગામડાઓમાં કચરો એકત્ર કરવા માટે ઉપયોગમાં લેવાતી ઈ - રીક્ષા દ્વારા તા.૭ મે એ અચૂક મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી બનવા માટે સંદેશ આપવામાં આવી રહ્યો છે. કેશોદના મોટી ઘસારી, અજાબ, ચર સહિતના ગામોમાં મતદાન જાગૃતિ અર્થે આ એ રીક્ષા ડોટ ટુ ડોર ફરી રહી છે. એક રેકોર્ડેડ સંદેશ દ્વારા લોકોને મતદાન કરવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત એનઆરએલએમનો સ્ટાફ, સખીમંડળની બહેનો દ્વારા પણ મતદાન જાગૃતિ માટે ડોર ટુ ડોર થઈ રહ્યા છે અને મતદાન કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે.

### દેવગૌડાના પૌત્રની મુશ્કેલી વધી

## કર્ણાટક સરકારે પ્રજ્વલ રેવન્ના સામે લુકઆઉટ નોટિસ જારી કરી

### પૂર્વ વડાપ્રધાનના પૌત્ર પ્રજ્વલ ઉપર ઘણી મહિલાઓનું જાતીય શોષણ કરવાનો આરોપ છે અને તે હવે જર્મનીમાં છે

નવી દિલ્હી, તા.૩

સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ પૂર્વ વડાપ્રધાન એચડીના પૌત્ર પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર જારી કર્યો છે. પ્રજ્વલ સામે લુકઆઉટ નોટિસ જારી કર્ણાટક સરકારની મુશ્કેલીઓ વધી રહી છે. તેના પર ઘણી મહિલાઓનું જાતીય શોષણ કરવાનો આરોપ છે અને તે હવે જર્મનીમાં છે. આ પહેલા પ્રજ્વાલે SIT સમક્ષ હાજર થવા માટે સાત દિવસનો સમય માંગ્યો હતો. તે જ દિવસે, SITએ પ્રજ્વલ અને તેના પિતા એચડી રેવન્નાને પણ નોટિસ પાઠવી હતી, જેમને મહિલાની ફરિયાદના આધારે આરોપી બનાવવામાં આવ્યા છે. ડેક્કન હેરાલ્ડે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે પરિપત્ર જારી થયા બાદ પ્રજ્વલ દેશમાં પ્રવેશતાની સાથે જ તેને કસ્ટડીમાં લેવામાં આવશે. મંગળવારે કર્ણાટક સરકાર દ્વારા રચાયેલી SITએ પ્રજ્વલ અને તેના પિતાને પૂછપરછ માટે હાજર થવા માટે સમન્સ જારી કર્યું હતું. સમન્સનો જવાબ આપતા, પ્રજ્વાલે બુધવારે એક્સ પોસ્ટ કરીને કહ્યું કે તે બેંગલુરુમાં નથી અને સત્ય બહાર આવશે. તેણે કહ્યું હતું કે, 'હું પૂછપરછમાં સામેલ થવા માટે બેંગલુરુમાં ન હોવાથી મેં મારા વકીલ મારફતે ક્રૈંદ્ગનો સંપર્ક કર્યો છે. બેંગલુરુને જાણ કરવામાં આવી છે. સત્ય ટૂંક સમયમાં બહાર આવશે. તે જ સમયે, પ્રજ્વલ રેવન્નાએ, જે ઘણી મહિલાઓની કથિત જાતીય સતામણી માટે તપાસનો સામનો કરી રહી છે, તેણે પોતાને સ્વચ્છ જાહેર કર્યા છે. જેડીએસ સાંસદે પોતાના પર લાગેલા તમામ આરોપોને નકારી કાઢ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રેવન્નાએ કહ્યું કે ટૂંક સમયમાં સત્ય સામે આવશે. ૨૬ એપ્રિલે હાસનમાં ચૂંટણી પૂરી થતાં જ જેડીએસ નેતા દેશ છોડીને ભાગી ગયા હતા. રેવન્ના સાથે સંબંધિત લગભગ ૩૦૦૦ વાંધાજનક વીડિયો સામે આવ્યા છે, જેમાં તે મહિલાઓની જાતીય સતામણી કરી રહ્યો છે. વાસ્તવમાં, પ્રજ્વલ રેવન્નાના ઘરે કામ કરતી એક મહિલાએ પોતાની જાતીય સતામણી અંગે પોલીસમાં ફરિયાદ કરી હતી. આ પછી, પોલીસે JDS સાંસદ વિરુદ્ધ ICP કલમ ૩૫૪છ (યૌન ઉત્પીડન), ૩૫૪ઠ (પીછો કરવો), ૫૦૬ (ધમકી આપવો) અને ૫૦૯ (મહિલાની ગરિમાનું અપમાન) હેઠળ કેસ નોંધ્યો છે. આ પછી રેવન્ના સાથે જોડાયેલા વીડિયો પણ વાયરલ થવા લાગ્યા. એવું કહેવામાં આવ્યું હતું કે રેવન્નાએ માત્ર એક કે બે નહીં પરંતુ ઘણી મહિલાઓનું યૌન શોષણ કર્યું હતું.

### રાજસ્થાન હાઈકોર્ટે બાળ લગ્ન રોકવા આપ્યો આદેશ

## જ્યાં બાળ લગ્ન થશે તો તેના પ્રમુખ અને પંચાયતના સભ્યો જવાબદાર

### હજુ પણ બાળ લગ્નો ગુપ્ત રીતે થાય છે : રાજસ્થાન હાઈકોર્ટ

જયપુર, તા.૩

રાજસ્થાનમાં બાળ લગ્ન રોકવા માટે હાઈકોર્ટે આપ્યો અદ્બુત આદેશ આપ્યો છે જેમાં કહ્યું કે કોઈપણ ગામ કે નગરમાં બાળલગ્ન થશે તો તેના માટે ગામના પ્રમુખ અને પંચાયતના સભ્યો જવાબદાર રહેશે તેમ જણાવાયું છે. કોર્ટે કહ્યું કે બાળ લગ્ન નિષેધ અધિનિયમ ૨૦૦૬ના અમલ છતાં રાજ્યમાં બાળ લગ્નો થઈ રહ્યા છે.

જયપુર રાજસ્થાન હાઈકોર્ટે રાજ્ય સરકારને સુનિશ્ચિત કરવા આદેશ આપ્યો છે કે રાજ્યમાં કોઈ બાળ લગ્ન ન થાય. આ સાથે કોર્ટે એમ પણ કહ્યું છે કે જો આવું થશે તો ગામના વડા અને પંચાયત સભ્યોને જવાબદાર ગણવામાં આવશે. ૧૦ મેના રોજ અક્ષય તૃતીયાના તહેવાર પહેલા બુધવારે કોર્ટનો આદેશ આવ્યો હતો. રાજસ્થાનમાં અક્ષય તૃતીયા પર ઘણા બાળ લગ્નો થાય છે. બાળ લગ્ન રોકવા માટે કોર્ટના હસ્તક્ષેપની માંગ કરતી પીઆઈએલની સુનાવણી કરતા, કોર્ટની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે બાળ લગ્ન નિષેધ અધિનિયમ ૨૦૦૬ ના અમલીકરણ છતાં, રાજ્યમાં બાળ લગ્નો હજુ પણ થઈ રહ્યા છે. કોર્ટે કહ્યું કે સત્તાવાળાઓના પ્રયાસોને કારણે બાળ લગ્નોની સંખ્યામાં ઘટાડો થયો હોવા છતાં, હજુ પણ ઘણી જગ્યાએ બાળ લગ્નો ગુપ્ત રીતે થઈ રહ્યા છે, જેને રોકવું ખૂબ જ જરૂરી છે.

કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે રાજસ્થાન પંચાયતી રાજ નિયમો ૧૯૯૬ મુજબ બાળ લગ્ન પર પ્રતિબંધ મૂકવો સરપંચની ફરજ છે. કોર્ટે રાજ્યમાં જ્યાં બાળ લગ્નો થાય છે અને પીઆઈએલ સાથે જોડાયેલ યાદી પર નજર રાખવા જણાવ્યું છે. આમ, વચગાળાના પગલા તરીકે, અમે બાળ લગ્નને રોકવા માટે હાથ ધરવામાં આવેલી તપાસ અંગેનો અહેવાલ માંગવા માટે પણ રાજ્યને નિર્દેશ આપીશું. જણાવી દઈએ કે અરજદારોના વકીલ આરપી સિંહે કહ્યું કે કોર્ટને એક યાદી પણ આપવામાં આવી હતી, જેમાં અક્ષય તૃતીયાની આસપાસ રાજ્યમાં થતા બાળ લગ્નોની વિગતો આપવામાં આવી હતી. કોર્ટે કહ્યું કે ઉત્તરદાતાઓએ એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે રાજ્યમાં બાળ લગ્નો ન થાય. સરપંચ અને પંચને જાણ કરવી જોઈએ કે જો તેઓ બાળલગ્ન અટકાવવામાં બેદરકારીપૂર્વક નિષ્ફળ જશે, તો તેઓ બાળ લગ્ન નિષેધ અધિનિયમ ૨૦૦૬ની કલમ ૧૧ હેઠળ જવાબદાર રહેશે.

## ઉનામાં ચોર ખાનામાં છુપાવી લઈ જવાતો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા)



ઉના, તા.૩

ઉનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણાની સૂચનાથી સર્વલન્સ સ્કવોડના પીએસઆઈ એચ.એલ.જેબલિયા એ,એસ.આઈ. ધર્મેન્દ્રસિહ એમ પરમાર, જોરૂભા મકવાણા, વિજયસિંહ ચોહાણ અને સ્ટાફ ચૂંટણી અંતર્ગત વાહન ચેક કરતા હતા ત્યારે એક ઓટો રિક્ષા નબર GJ ૧૧ X ૨૦૩૬ રોકવી તપાસ કરતા રિક્ષા ચાલક ઈમરાન યુસુફભાઈ ચોહાણ રે. નટડા કોલોની ઊનાએ સીટ નીચે ચોર ખાના બનાવી છૂપાવી લઈ જતો ઈંગ્લિશ દારૂની બોટલો નગ ૩૮ રૂપિયા ૧૦,૪૦૦ અને ઓટો રિક્ષાની કિંમત રૂપિયા ૨૦૦૦૦ મળી કુલ રૂપિયા ૩૦૪૦૦ના મુદામાલ સાથે પકડી ઊના પોલીસ સ્ટેશને લાવી ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

## સિમ્ફની કંપનીએ માર્ચ અંત સુધીમાં ૪૬.૮ ટકા ગ્રોસ નફો કર્યો

અમદાવાદ, તા.૪

સિમ્ફની કંપનીએ ગત માર્ચના અંત સુધીમાં ૪૬.૮ ટકા ગ્રોસ માર્જીન કર્યો છે. માર્ચ એન્ડીંગના ત્રિમાસીક ગાળામાં ૪૮.૫ ટકા અને આઈબીઆઈ ટીડીએ માર્જીન ૧૮.૨ ટકા કરેલ છે. આમ માર્ચ ૨૦૨૪ના અંત સુધીમાં ૧૧૮૮ રેવન્યુ ઓપરેશન પાર પાડી આર્થિક રીતે પ્લસ ૨૦૦ ટકા વૃધ્ધી કરી છે. કંપનીના નૃપેશ શચાહ મેનેજીંગ ડીરેકટર (કોર્પોરેટ અફેર) સિમ્ફની લિમિટેડ દ્વારા વિગતો અપાઈ હતી. કંપની દ્વારા વધુમાં વધુ ત્રિમાસિક ઈન્ડીયા ડોમેસ્ટીક રેવન્યુ ઉનાળાના દિવસોમાં ઉપરાંત સામાન્ય દિવસોમાં પણ વૃધ્ધી કરી છે.

### આ બંદર ભારત માટે મહત્વપૂર્ણ

## શ્રીલંકામાં પોર્ટ ડેવલપમેન્ટ ઉપર ભારત ૫૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરશે


### ૧૬ એકરમાં ફેલાયેલું શ્રીલંકાનું આ બંદર પુડુચેરીથી માત્ર ૧૦૪ કિલોમીટરના અંતરે આવેલું છે

નવી દિલ્હી, તા.૩

ભારત શ્રીલંકામાં સ્થિત પોર્ટના વિકાસ માટે ૫૦૦ કરોડ રૂપિયા ખર્ચવા જઈ રહ્યું છે. શ્રીલંકાની કેબિનેટે આ સંબંધિત પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. કંકેસન્થુરાઈ બંદર શ્રીલંકાના ઉત્તારીય પ્રાંતમાં આવેલું છે.હાલના સમયમાં આ બંદરને સમારકામની જરૂર છે. ભારતે તેના પુનઃવિકાસ સંબંધિત તમામ ખર્ચો ઉઠાવવાની તૈયારી દર્શાવી હતી. શ્રીલંકાના કેબિનેટમાં આ અંગે ચર્ચા થઈ હતી. આ દરમિયાન શ્રીલંકાની સંસદે આ પ્રસ્તાવને મંજૂરી આપી હતી.શ્રીલંકાની કેબિનેટ તરફથી જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રોજેકટના મહત્વને ધ્યાનમાં રાખીને ભારત સરકાર પ્રોજેકટની સમગ્ર અંદાજિત કિંમત ઉઠાવવા માટે સંમત થઈ છે. આ વર્ષે માર્ચમાં કરાયેલા એસેસમેન્ટ મુજબ આ પ્રોજેક્ટ પાછળ કુલ રૂ. ૫૧૩ કરોડનો ખર્ચ થવાનો છે.તમને જણાવી દઈએ કે ખર્ચ સંબંધિત કેટલીક અસંગતતાને કારણે આ પ્રોજેક્ટ શરૂ થવામાં વિલંબ થયો હતો. કેબિનેટે ૨ મે, ૨૦૧૭ના રોજ આ પ્રોજેક્ટને ઔપચારિક રીતે મંજૂરી આપી હતી. ત્યારબાદ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સેવાઓની ઓફરને ૧૮ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ મંજૂર કરવામાં આવી હતી.તમને જણાવી દઈએ કે કંકેસથુરાઈ બંદર એક સમયે શ્રીલંકાનું વ્યસ્ત બંદર હતું. આ બંદર દ્વારા, જાફના દ્વીપકલ્પ શ્રીલંકાના અન્ય ભાગો સાથે જોડાયેલું હતું.



ચુંટણી પર્વમાં 'ગૃપ્ત મતદાન' એ પણ 'મહાદાન' છે, માટે મતદાન કરી દાનેશ્વરી બનજે



અલ્યા, માત્ર બટન દબાવીને મતદાન કરવાનું છે તેમાં આળસ ના કરાય !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ભારતની પ્રગતિમાં રોડાં

દેશમાં સદ્‌ભાગ્યે એ સારું થયું કે વાહિયાત દલીલો અને કેટલીક ફેક ન્યૂઝના સહારે ઈવીએમનું બટન દબાવતી વખતે દેખાતી ચબરખી એટલે કે વીવીપેટના સો ટકા મેળવણીની માંગ કરનારી અરજીઓને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી. ઈવીએમથી પ્રાપ્ત પરિણામોનું તમામ વીવીપેટ ચબરખીઓ સાથે મિલાન કરવાની માંગ એક પ્રકારે પાછલા દરવાજેથી બેલેટ પેપરથી ચૂંટણી કરાવવાનો પેંતરો જ હતી. આ પેંતરો એનાથી સારી રીતે વાકેફ હોવા છતાં પણ કરાઈ રહ્યો હતો કે બેલેટ પેપરથી ચૂંટણી સમયે કેવા પ્રકારની ગરબડો થતી હતી અને મતપેટીઓ લૂંટવાની સાથે જ પરિણામો આવવામાં સમય લાગતો હતો. બંગાળમાં તો પંચાયત ચૂંટણીઓમાં હજુ પણ મતપેટીઓ લૂંટવાનું કામ થાય છે. ઈવીએમ વિરૂધ્ધ પહેલાં પણ સવાલ ઉઠતા રહ્યા છે અને તેનું સમાધાન કરવામાં આવ્યું છે. પહેલાં મતદારને એ નહોતું દેખાતું કે તેનો મત તેના પસંદગીના ઉમેદવારને મળ્યો કે નહીં? એ જોવા માટે વીવીપેટની વ્યવસ્થા કરવામાં આવી. પછી દરેક સંસદીય ક્ષેત્રના દરેક વિધાનસભાના એક બૂથની ઈવીએમથી મળેલ પરિણામો સાથે મેળવણી વીવીપેટથી કરાવા લાગી. તેમ છતાં પણ કેટલાક લોકો સંતુષ્ટ થવા તૈયાર નથી. તેમાં અરજીબાજ વકીલો સાથે કેટલાક રાજકીય પક્ષ પણ છે. એમાં એ પક્ષ પણ છે, જે ઈવીએમથી થયેલ ચૂંટણીઓમાં જીત હાંસલ કરીને સત્તા સુધી પહોંચ્યા છે.

ઈવીએમની વિશ્વસનીયતા અને ઉપયોગિતા પ્રમાણિત થઈ ચૂકી છે, પરંતુ કેટલાક લોકો અને સાથે જ રાજકીય અને બિનરાજકીય સંગઠન એના પર વિનાકારણે સવાલ ઉઠાવવાનું છોડતા નથી. તેઓ વારે-તહેવારે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં પહોંચી જાય છે. ઉચ્ચતર ન્યાયપાલિકાએ આવાં તત્ત્વોને હતોત્સાહિત કરવા જોઈએ, નહિ તો તેઓ કોઈને કોઈ બહાનું કરીને ઈવીએમ વિરુદ્‌ઘ મોરચો ખોલતા જ રહેશે, કારણ કે તેમણે એવું કરવાનો પોતાનો ધંધો બનાવી લીધો છે. એવાં તત્ત્વો વિદેશી મીડિયાના એ હિસ્સાને પણ ખાતર-પાણી આપવાનું કામ કરે છે, જેને ના તો ભારતની પ્રગતિ ગળે ઉતરી રહી છે કે ના ઈવીએમની સફળતા પચી રહી છે. શું એ હાસ્યાસ્પદ નથી કે ઈવીએમ વિરૂધ્ધ સુપ્રીમ કોર્ટ પહોંચેલા વકીલ પ્રશાંત ભૂષણે એવી દલીલ કરી કે તેઓ એવો દાવો તો નથી કરતા કે આ મશીન સાથે છેડછાડ થઈ રહી છે, પરંતુ એવું બની શકે છે! ઈવીએમ વિરોધીઓ એવી પણ દલીલ કરી રહ્યા છે કે મતદાનની ગોપનીયતા ભંગ થવાની ચિંતા ન કરવી જોઈએ! જો ઈવીએમ વિરોધીઓની એ માંગ માની લેવાતી કે તમામ વીવીપેટની ગણતરી કરવામાં આવે તો તેનાથી પરિણામો મળવામાં લગભગ ૧૨-૧૫ દિવસનો સમય તો લાગે જ છે, ખર્ચ પણ બહુ વધી જાય. એ સારું થયું કે સુપ્રીમ કોર્ટે ઈવીએમ પર ભરોસો વ્યક્ત કર્યો અને તમામ અરજીઓ ફગાવી દીધી, પરંતુ બહેતર થાત કે તેણે આ મશીનને બદનામ કરવાના અભિયાન પર લગામ લગાવી દીધી હોત. સુપ્રીમ કોર્ટની એ ટિપ્પણી પણ મહત્ત્વની છે કે કેટલાક સમૂહો દેશની ઉપલબ્ધિઓને કમજોર કરી રહ્યા છે. અદાલતે આ ટિપ્પણી એડીઆર પર કરી છે, જે ઈવીએમ વિરોધી અરજીમાં એક અરજદાર છે. સુપ્રીમે કહ્યું કે હાલનાં વર્ષોમાં કેટલાક 'સ્વાર્થી સમૂહો' દ્વારા એક પ્રવૃત્તિ ઝડપથી વિકસી રહી છે, જે રાષ્ટ્રની ઉપલબ્ધિઓને કમજોર કરવાની કોશિશ કરી રહી છે, આવા કોઈપણ પ્રયાસને ઉગતાં જ ડામી દેવો જોઈએ.

## T૨૦ વિશ્વકપની શરૂઆત ૧ જૂનથી અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝની ધરતી પર થઈ રહી છે

# T૨૦ વિશ્વકપ માટે અત્યાર સુધી ૯ દેશોએ જાહેર કરી પોતાની ટીમ

### કેનેડાએ આગામી ટી૨૦ વિશ્વકપ માટે પોતાનો કેપ્ટન સાદ બિન ઝફરને બનાવ્યો છે : દરેક દેશ ૨૫ મે સુધી પોતાની ટીમમાં ફેરફાર કરી શકે છે




નવીદિલ્હી, તા.૩

T૨૦ વિશ્વકપની શરૂઆત ૧ જૂનથી અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝની ધરતી પર થઈ રહી છે. આ વખતે ટી૨૦ વિશ્વકપમાં ૨૦ ટીમો ભાગ લઈ રહી છે. આ ટીમોને પાંચ-પાંચના ચાર ગ્રુપમાં રાખવામાં આવી છે. દરેક ગ્રુપની બે ટીમો સુપર-૮ માટે ક્વોલીફાઈ કરશે. ફેન્સ આ વૈશ્વિક ટૂર્નામેન્ટને લઈને ખુબ ઉત્સાહિત છે. ટી૨૦ વિશ્વકપ ૨૦૨૪ માટે અત્યાર સુધી ૯ દેશોએ પોતાની ટીમ જાહેર કરી દીધી છે. કેનેડાની તેમાં નવી એન્ટ્રી છે.

ટી૨૦વિશ્વકપ ૨૦૨૪માટે ન્યૂઝીલેન્ડે સૌથી પહેલા ટીમની જાહેરાત કરી હતી. ટી૨૦ વિશ્વકપ માટે અત્યાર સુધી ન્યૂઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ભારત, સાઉથ આફ્રિકા, ઓમાન, નેપાળ, કેનેડા અને અફઘાનિસ્તાને પોતાની ટીમ જાહેર કરી છે. કેનેડાએ આગામી ટી૨૦ વિશ્વકપ માટે પોતાનો કેપ્ટન સાદ બિન ઝફરને બનાવ્યો છે. દરેક દેશ ૨૫ મે સુધી પોતાની ટીમમાં ફેરફાર કરી શકે છે.

ટી૨૦વિશ્વકપ ૨૦૨૪માટે અત્યાર સુધી ૧૧ દેશ પોતાની ટીમની જાહેરાત કરી નથી. તેમાં બાંગ્લાદેશ, આયર્લેન્ડ, નામીબિયા, નેધરલેન્ડ્સ, પાપુઆ ન્યૂ ગિની, સ્કોટલેન્ડ, શ્રીલંકા, યુગાન્ડા, અમેરિકા, પાકિસ્તાન અને વેસ્ટ ઈન્ડિઝ સામેલ છે. ટી૨૦ વિશ્વકપનું અત્યાર સુધી આઠ વખત આયોજન થયું છે, જેમાં ભારત, પાકિસ્તાન, ઈંગ્લેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ, શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા ટાઈટલ જીતી ચૂક્યા છે.

કેનેડાઃ સાદ બિન ઝફર (કેપ્ટન), એરોન જોન્સન, દિલાન હેલીગર, દિલપ્રીત બાજવા, હર્ષ ઠાકર, જેરેમી ગોર્ડન, જુનૈદ સિદ્દીકી, કલીમ સના, કંવરપાલ તથગુર, નવનીત ધાલીવાલ, નિકોલસ કિર્ટન, પરગટ સિંહ, રવિન્દરપાલ સિંહ, રાયનખાન મોહન, શ્રેણવ . રિઝર્વઃ તજિન્દર સિંહ, આદિત્ય વરદરાજન, અમ્મર ખાલિદ, જતિન્દર મથારુ, પરવીન કુમાર.

અફઘાનિસ્તાનઃ રહેમાનુલ્લા ગુરબાઝ (વિકેટકીપર), ઈબ્રાહીમ ઝાદરાન, અઝમતુલ્લા ઉમરઝાઈ, નજીબુલ્લાહ ઝાદરાન, મોહમ્મદ ઈશાક, મોહમ્મદ નબી, ગુલબદ્દીન નાયબ, કરીમ જનાત, રાશિદ ખાન (કેપ્ટન), નાંગ્યાલ ખરોતી, મુઝીબ ઉર રહેમાન, નૂર અહેમદ, નવીન ઉલ હક, ફઝલહક ફારૂકી, ફરીદ અહેમદ મલિક. રિઝર્વઃ સાદિક અટલ, હઝરતુલ્લા ઝાઝાઈ, સલીમ સફી

ઓસ્ટ્રેલિયાઃ મિશેલ માર્શ (કેપ્ટન), એશ્ટન અગર, પેટ કમિન્સ, ટિમ ડેવિડ, નાથન એલિસ, કેમેરૂન ગ્રીન, જોશ હેઝલવુડ, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, ગ્લેન મેક્સવેલ, મિચેલ સ્ટાર્ક, માર્કસ સ્ટોઈનિસ, મેથ્યુ વેડ, ડેવિડ વોર્નર, એડમ ઝમ્પા.

ઈંગ્લેન્ડઃ જોસ બટલર (કેપ્ટન), મોઈન અલી, જોફ્રા આર્ચર, જોનાથન બેયરસ્ટો, હેરી બ્રૂક, સેમ કરન, બેન ડકેટ, ટોમ હાર્ટલી, વિલ જેક્સ, ક્રિસ જોર્ડન, લિયામ લિવિંગસ્ટોન, આદિલ રાશિદ, ફિલ સોલ્ટ, રીસ ટોપલી, માર્ક વુડ.

ભારતઃ રોહિત શર્મા (કેપ્ટન), હાર્દિક પંડ્યા (વાઈસ-કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, ઋષભ પંત (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), શિવમ દુબે, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર યાદવ. ચહલ, અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ. સિરાજ.

નેપાળઃ રોહિત પૌડેલ (કેપ્ટન), આસિફ શેખ, અનિલ કુમાર શાહ, કુશલ ભુર્તેલ, કુશલ મલ્લા, દીપેન્દ્ર સિંહ એરી, લલિત રાજબંશી, કરણ કેસી, ગુલશન ઝા, સોમપાલ કામી, પ્રતિસ જીસી, સંદીપ જોરા, અવિનાશ બોહરા, સાગર ધકાલ, કમલ સિંહ એરી .

ન્યૂઝીલેન્ડઃ કેન વિલિયમસન (કેપ્ટન), ફિન એલન, ટ્રેન્ટ બોલ્ટ, માઈકલ બ્રેસવેલ, માર્ક ચેપમેન, ડેવોન કોનવે, લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, ડેરીલ મિશેલ, જિમી નીશમ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવિન્દ્ર, મિશેલ સેન્ટનર, ઈશ સોઢી, ટિમ સાઉથી.

ઓમાનઃ આકિબ ઈલ્યાસ (કેપ્ટન), ઝીશાન મકસૂદ, કશ્યપ પ્રજાપતિ, પ્રતિક અઠાવલે (વિકેટકીપર), અયાન ખાન, શોએબ ખાન, મોહમ્મદ નદીમ, નસીમ ખુશી (વિકેટમાં), મેહરાન ખાન, બિલાલ ખાન, રફીઉલ્લાહ, કલીમુલ્લાહ, ફૈયાઝ બટ્ટ, શકીલ અહેમદ, ખાલિદ કેલ. અનામતઃ જતિન્દર સિંહ, સમય શ્રીવાસ્તવ, સુફિયાન મહેમૂદ, જય ઓડેદરા.

સાઉથ આફ્રિકાઃ એડન માર્કરમ (કેપ્ટન), ઓટનીલ બાર્ટમેન, ગેરાલ્ડ કોએત્ઝી, ક્વિન્ટન ડી કોક, બ્યોર્ન ફોર્ટુઈન, રીઝા હેન્ડ્રિક્સ, માર્કો જાનસન, હેનરિક ક્લાસેન, કેશવ મહારાજ, ડેવિડ મિલર, એનરિક નોર્ત્જે, કગિસો રબાડા, રયાન રિકેલ્ટન, તબરેઝ શમ્સી, ટ્રિસ્ટન સ્ટબ્સ.

# ટીમ પસંદ કરવી એક પડકાર હતો : અજીત અગરકર



### કે.એલ. રાહુલના સવાલ પર અજીત અગરકરે કહ્યું, "કે આ માત્ર ટીમને સંતુલિત કરવા માટે લેવાયેલું પગલું છે

નવી દિલ્હી, તા.૩

ભારતીય ટીમે ટી-૨૦ વર્લ્ડ કપ માટે તૈયારી કરી લીધી છે. ૩૦ એપ્રિલે BCCIએ T20 વર્લ્ડ કપ માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી હતી. જેના માટે અનેક દિગ્ગજો પોતાના મંતવ્યો આપતા જોવા મળ્યા હતા. હવે ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા અને મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે તમામ સવાલોના જવાબ આપ્યા છે.

કે.એલ.રાહુલના સવાલ પર અજીત અગરકરે કહ્યું, "કેએલ રાહુલ એક શાનદાર ખેલાડી છે. અન્ય વિકેટકીપર મિડલ ઓર્ડરમાં રમી રહ્યા છે અને રાહુલ ટોપ ઓર્ડરમાં છે. આ માત્ર ટીમને સંતુલિત કરવા માટે લેવાયેલું પગલું છે." મિડલ ઓર્ડરમાં વિકેટકીપર તરીકે સંજુ સેમસન અને ઋષભ પંત શ્રેષ્ઠ વિકલ્પ છે.

કેપ્ટનશીપ અંગે રોહિત શર્માએ કહ્યું કે, "ભારતની કેપ્ટનશીપ કરવી એ સારો અનુભવ છે. હું મારી કારકિર્દીમાં ઘણા ખેલાડીઓની કેપ્ટનશીપ હેઠળ રમ્યો છું. આ કંઈક નવું છે. એક ખેલાડી તરીકે તમારે તમારી ટીમ માટે રમવાનું હોય છે." આ સિવાય પસંદગીકાર અજીત અગરકરે કેપ્ટનના સતત બદલાવ પર જવાબ આપ્યો. તેમણે કહ્યું, 'રોહિત અમારો શ્રેષ્ઠ કેપ્ટન છે. વનડે વર્લ્ડ કપ પછી છ મહિનાનો સમય મળ્યો છે. હાર્દિકે પણ વચ્ચે સારું પ્રદર્શન કર્યું છે. રોહિત એક શાનદાર કેપ્ટન છે અને તેણે ODI વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કર્યું છે.

ટીમ પસંદ કરવા પર અજીત અગરકરે કહ્યું, "તે હંમેશા પડકારજનક હોય છે, પરંતુ મેં રોહિત સાથે પહેલાથી જ વાત કરી હતી. અમે પહેલાથી જ સ્પષ્ટ હતા કે અમારે શું કરવાનું છે. IPLમાં પ્રદર્શને આમાં ઘણી મદદ કરી." રોહિત શર્માએ IPLમાં પ્રદર્શનની અસર પર કહ્યું, 'હાલના સમયમાં જે પણ ICC ટૂર્નામેન્ટ થઈ છે તે IPL પછી જ થઈ છે. ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ પણ આઈપીએલ બાદ થઈ હતી. આ કારણોસર અમે અગાઉથી તૈયારીઓ કરીએ છીએ. અમે પહેલાથી જ અમારા મગજમાં ૧૧ રમી રહ્યા છીએ. અમે પરફેક્ટ રોલ માટે પરફેક્ટ પ્લેયર પસંદ કરીએ છીએ. ઘણા ખેલાડીઓ લાંબા સમયથી આ ફોર્મેટમાં રમ્યા નથી, પરંતુ તેઓ ઘણા અનુભવી છે. ૧૫ સભ્યોની ટીમ પર IPLની બહુ અસર નથી. IPLમાં પ્રદર્શન સતત બદલાતું રહે છે. ક્યારેક કોઈ સદી ફટકારે છે તો ક્યારેક કોઈ ૫ વિકેટ લે છે. અમે પહેલાથી જ ૭૦ ટકા ટીમ પસંદ કરી લીધી હતી.

રિંકુ સિંહને બહાર રાખવાના સવાલ પર ચીફ સિલેક્ટર અજિત અગરકરે કહ્યું, "રિંકુ સિંહને બહાર રાખવો સૌથી મુશ્કેલ બાબત હતી. શુભમન ગિલ સાથે પણ એવું જ હતું. અમે પહેલા ટીમ કોમ્બિનેશન પર ધ્યાન આપ્યું અને પછી આકરા નિર્ણયો લીધા. " તેમણે વિરાટ કોહલીના સ્ટ્રાઈક રેટ પર પણ પોતાનું મૌન તોડ્યું. અગરકરે કહ્યું, "કોહલીના સ્ટ્રાઈક રેટ પર કોઈ સવાલ નથી. તે આઈપીએલમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. અમે ક્યારેય કોહલીના સ્ટ્રાઈક રેટ વિશે ચર્ચા કરી નથી , જ્યારે તમે વર્લ્ડ કપમાં હોવ ત્યારે દબાણ અલગ હોય છે.

રોહિત શર્માએ ટીમમાં ચાર સ્પિનરો અંગે ચિત્ર સ્પષ્ટ કર્યું. તેણે કહ્યું કે, વેસ્ટ ઈન્ડિઝની પિચોને જોતા અમને ટીમમાં ચાર સ્પિનરો જોઈએ છે. હવે આપણે ત્યાં જઈશું અને જોઈશું કે કોણ રમે છે અને કોણ નથી રમતા. શક્ય છે કે અમે ચારેય સ્પિનરોને ટીમમાં રાખી શકીએ. એવી પણ શક્યતા છે કે ચહલ અને કુલદીપ સાથે રમે. આ સિવાય અક્ષર અને જાડેજા કુલદીપ સાથે રહે અથવા અક્ષર અને જાડેજા ચહલ સાથે રહે તેવી પણ શક્યતા છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાર્યકર્તાઓ સાથે સમય વિતાવ્યો



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાર્ટી ઓફિસ પર સાથી કાર્યકર્તાઓ સાથે સમય વિતાવ્યો હતો. ચૂંટણીને લઈને તેમની સાથે ચર્ચા વિચારણા કરી હતી.

# પીએમ મોદીએ જામનગરના જામસાહેબ શત્રુશલ્યસિંહજી જાડેજા સાથે મુલાકાત કરી



જામનગરમાં સભાને સંબોધતા પહેલા પીએમ મોદીએ જામનગરના જામસાહેબ શત્રુશલ્યસિંહજી જાડેજા સાથે મુલાકાત કરી હતી. બાપુએ પીએમને પાઘડી પહેરાવી આવકાર્યા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

શ્રધ્ધા અને વિશ્વાસના સંયોગ દ્વારા મનમાં પ્રસન્નતાનો જન્મ થાય છે...

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૧૦ પંચક તા.૩ મે ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૨૩, શત્તતારા નક્ષત્ર, બ્રહ્મ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૧૭, સૂ.અ.૭:૧૮

આજનો દિવસ મધ્યમ છે

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ અગત્યનું કાર્ય લંબાણમાં પડી જાય. સ્વજનોથી મનદુઃખ રહે.
વૃષભઃપ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. ગુપ્ત યોજના પાર પાડી શકશો.
મિથુનઃનાણાંકીય લેવડ-દેવડમાં સાવચેત રહેવું. વડીલવર્ગ દ્વારા વડીલની મદદ મળી રહે.
કર્કઃ કાર્યબોજમાં વધારો થાય. મનમાં અકારણ ચિંતા અનુભવાય.
સિંહઃ આત્મવિશ્વામાં વધારો થાય. નાણાંકીય સમસ્યા ઉકેલાય.
કન્યાઃ આવકમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.
તુલાઃ પ્રિયજન દ્વારા લાભ મેળવી શકશો. નાણાંકીય વ્યવહાર સચવાઈ જાય.
વૃશ્ચિકઃમનની ચિંતા દૂર થાય. નવિન શુભ સમાચાર મળે.
ધનઃ ભાગીદારીથી લાભ થાય. ખોટી ઉતાવળ ન કરવી હિતાવહ.
મકરઃ દિવસ દરમિયાન ઉત્સાહ અનુભવાય. સંતાન દ્વારા લાભ થાય.
કુંભઃ મનની ઈચ્છા પૂરી થાય. નાનો ખર્ચનો પ્રસંગ બને.
મીનઃ વાદ-વિવાદ ટાળવું હિતાવહ. આવક-જાવક સરભર રહે.

## ISRO ની નવી શોધમાં હાથ લાગ્યું નવુ જીવન

# ચંદ્ર પર આશા કરતા વધુ પાણી મળી આવ્યું છે

### ચંદ્રના ઉત્તર ધ્રુવ પર આશા કરતાં પાંચથી આઠ ગણું વધારે પાણી : ઈસરોની નવી સ્ટડીમાં થયો મોટો ખુલાસો

નવી દિલ્હી, તા.૩

પૃથ્વી હાલ ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહી છે. ભવિષ્યમાં પૃથ્વી પાણીની તંગીનો સામનો કરશે. ત્યારે અન્ય ગ્રહો પર પાણીની શોધ અને જીવનની શક્યતા તપાસવામાં આવી રહી છે. જેમાં ઈસરોને મોટી સફળતા મળી છે. ચંદ્ર પર આશા કરતા વધુ પાણી મળી આવ્યું છે. ઈસરો અને કેટલાક અન્ય વૈજ્ઞાનિકોએ મળીને આ શોધ કરી છે. ચંદ્રના બંને ધ્રુવ પર પાણીનો મોટો ખજાનો છે. ઉત્તારી ધ્રુવ પર દક્ષિણી ધ્રુવની સરખામણી ડબલ પાણી છે.

ચંદ્રમા પર આશા કરતા વધારે બરફ છે. પરંતુ તે તેની સપાટીની નીચે છે. તેને ખોદીને કાઢી શકાય છે. તેનો ઉપયોગ ચંદ્ર પર કોલોના બનાવવા માટે કરી શકાય છે. આ ખુલાસો ઈસરોએ કર્યો છે. ઈસરોના સ્પેસ એપ્લીકેશન સેન્ટર, આઈઆઈટી કાનપુર, યુનિવર્સિટી ઓફ સાઉધર્ન કેલિફોર્નિયા, જેટ પ્રોપલ્શન લેબોરેટરી અને આઈઆઈટી-આઈએસએમ ધનબાદના વૈજ્ઞાનિકોએ મળીને આ રિસર્ચ કર્યું છે. નવી સ્ટડીમાં આ ખુલાસો થયો છે કે, ચંદ્રની જમીની એટલે કે સપાટીની નીચે અંદાજે બે-ચાર મીટર નીચે બરફનો મોટો જથ્થો છે. પહેલાની સરખામણીમાં પાંચથી આઠ ગણો વધારે બરફ છે. બરફનો આ ખજાનો ચંદ્રના બંને ધ્રુવ પર છે. તેથી જમીનમાં ડ્રિલિંગ કરીને બરફને કાઢી શકાય છે. જેથી ભવિષ્યમાં લાંબા સમય માટે માણસ ચંદ્રમા પર રહી શકે. તેનાથી દુનિયાની કોઈ પણ સ્પેસ એનજસીઓને ફાયદો થશે.

હવે સવાલ એ છે કે ચંદ્ર પર આટલો બધો બરફ કેવી રીતે આવ્યો. તો આ સવાલના જવાબમાં ઈસરોએ જણાવ્યું કે, આ ઈંબ્રિંયન કાળનો મામલો છે. ત્યારે ચંદ્ર બની રહ્યો હતો. વોલ્કેનિઝમ એટલે કે જ્વાળામુખી ગતિવિધિઓથી નીકળેલી ગેસ લાખો વર્ષોથી ધીરે ધીરે સપાટીની નીચે બરફના રૂપમાં જમા થતી ગઈ છે.

ચોંકાવનારી બાબત એ છે કે, આ નવા અભ્યાસથી જૂના અભ્યાસને સમર્થન મળે છે. ગત સ્ટડીમાં પણ ઈસરોના સ્પેસ એપ્લીકેશન સેન્ટરે ચંદ્રયાન-૨ ના ડ્યુઅલ ફ્રિક્વન્સી અપર્ચર રડાર અને પાર્લામેન્ટરી રડાર ડેટાનો ઉપયોગ કર્યો હતો. ત્યારે ચંદ્રના ધ્રુવીય ખાડાની અંદર બરફની હાજરી મળી આવી છે.

આ સ્ટડીમાં ઈસરો સહિત સમગ્ર દુનિયાની સ્પેસ એજન્સીઓને પોતાના ફ્યૂચર લૂનર મિશનમાં મદદ મળશે. પાણી શોધવા માટે ઈસરો કે અન્ય સ્પેસ એજન્સીઓ ધ્રુવો પર પોતાના મિશન અને ડ્રિલિંગ મશીન મોકલી શકે છે.

# મતદાન કરનાર ડેરી ખેડૂતને એક લિટર દૂધ પર એક રૂપિયો મળશે

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં લાખો ડેરી ખેડૂતોને લોકસભાની ચૂંટણી દરમિયાન મતદાન કરવા બદલ એક લિટર દૂધ પર એક રૂપિયો મળશે. જોકે આ માટે તેમને તેમની આંગળી પર શાહીનું નિશાન દર્શાવવું પડશે. ગુજરાત કો-ઓપેટિવ માર્કેટિંગ ફેડરેશન ગુજરાતના તમામ દૂધ સંઘોની સર્વોચ્ચ સંસ્થા અને તેના ૧૮ સંઘો, તેના રજીસ્ટર્ડ સભ્યો તરીકે ૩૬ લાખ ડેરી ખેડૂતો ધરાવે છે. રાજ્યભરમાં ફેલાયેલી ૧૮,૫૬૫ ગામડાની ડેરી સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા ડેરી ખેડૂતો છે જેમાં મોટા ભાગની મહિલાઓ છે. જે દરરોજ અંદાજે ૩ કરોડ લિટર દૂધ ઠાલવે છે. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના વાઈસ-ચેરમેન વલમજી હુંબલેનું કહેવું છે કે ફેડરેશનના બોર્ડ સભ્યોએ રાજ્યના તમામ નોંધાયેલા ડેરી ખેડૂતોને પ્રોત્સાહિત કરવાનો સંકલ્પ કર્યો છે.

# ન્યાયાધીશે ડોનાલ્ડ ટ્રમ્પને કોર્ટના તિરસ્કારમાં ૯,૦૦૦ ડોલરનો દંડ ફટકારીને હશ મની ટ્રાયલમાં જેલની ચીમકી આપી

## ટ્રમ્પ સામે આ ચુકાદો ડંખ સમાન હતો, જેમણે આગ્રહ કર્યો હતો કે તેઓ તેમના સ્વતંત્ર ભાષણ અધિકારોનો ઉપયોગ કરી રહ્યા છે



ન્યૂયોર્ક, તા.૩

ડોનાલ્ડ ટ્રમ્પને ન્યૂયોર્ક હશ મની કેસ સાથે જોડાયેલા સાક્ષીઓ, ન્યાયાધીશો અને અન્ય કેટલાક લોકો વિશે જાહેર નિવેદનો કરવા ઉપર અને તેમને પ્રતિબંધિત કરનારા ગેગ ઓર્ડરનું વારંવાર ઉલ્લંઘન કરવા બદલ ૩૦ એપ્રિલના રોજ ન્યાયાધીશે, કોર્ટના તિરસ્કાર બદલ તેમને ૯,૦૦૦ ડોલરનો દંડ ફટકાર્યો હતો. કોર્ટે, ટ્રમ્પને ચેતવણી આપી હતી કે, જો તે ફરીથી આવું કરશે, તો તેમને જેલ થઈ શકે છે. ફરિયાદીઓએ કોર્ટ સમક્ષ, ટ્રમ્પના ૧૦ ઉલ્લંઘનનો આરોપ મૂક્યો હતો, પરંતુ ન્યૂયોર્કના ન્યાયાધીશ જુઆન એમ. મર્ચને નવ આરોપોને માન્ય ગણીને લખ્યું કે, શ્રી ટ્રમ્પને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તે કોર્ટ તેના કાયદેસરના આદેશોના સતત ઈરાદાપૂર્વક ઉલ્લંઘનને સહન કરશે નહીં અને જો સંજોગો, જરૂરી અને યોગ્ય હશે, તો તે તેને કેદની સજા લાદશે."

આ ઐતિહાસિક કેસમાં જુબાનીના બીજા સપ્તાહની શરૂઆતમાં ચુકાદો આવ્યો હતો. મેનહટનના વકીલોનું કહેવું છે કે, ટ્રમ્પ અને તેમના સહયોગીઓએ નકારાત્મક વાતોને પીરસીને ૨૦૧૬ના રાષ્ટ્રપતિની ઝુંબેશને પ્રભાવિત કરવા માટે ગેરકાયદેસર યોજનામાં ભાગ લીધો હતો. તેમણે દોષિત ન હોવાનું જણાવ્યું છે. ન્યાયાધીશ જુઆન એમ. મર્ચને મંગળવારે આદેશ કર્યો હતો કે, ટ્રમ્પે શુક્રવાર સુધીમાં આ દંડ ચૂકવવો પડશે. તેમણે તેમના ટ્રુથ સોશિયલ એકાઉન્ટમાંથી સાત અને તેની ઝુંબેશની વેબસાઈટ ઉપરથી ૨ વાંધાજનક પોસ્ટસને **2:15 p.m.** સુધીમાં બે દૂર કરવી પડશે. મર્ચન, ટ્રમ્પના અન્ય ગેગ ઓર્ડરના ઉલ્લંઘનની દલીલો સાંભળશે. મંગળવારે કોર્ટે, ટ્રમ્પના ભૂતપૂર્વ એટર્ની માઈકલ કોહેનને એકાઉન્ટ ખોલવામાં મદદ કરનાર બેંકર ગેરી ફેરોની જુબાની લીધી હતી. તેણીએ ટ્રમ્પ સાથે ૨૦૦૬માં જાતીય એન્કાઉન્ટરનો આરોપ મૂક્યો હતો, જેનો ટ્રમ્પે ઈન્કાર કર્યો હતો. ભૂતપૂર્વ પ્રમુખ અને સંભવતઃ રિપબ્લિકન નોમિની ડોનાલ્ડ ટ્રમ્પ તેમના ઓફઅવર્સમાં પ્રચાર કરી રહ્યા છે, પરંતુ જ્યારે સત્ર ચાલુ હોય ત્યારે અઠવાડિયામાં ચાર દિવસ કોર્ટમાં તેમની હાજરી અનિવાર્ય છે. કોર્ટરૂમની બહાર ટ્રમ્પે ફરી વકીલોની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, "આ એક એવો કેસ છે જે ક્યારેય લાવવો જરૂરી ન હતો."

ટ્રમ્પના, ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટ, રોના ગ્રાફે જણાવ્યું હતું કે, ટ્રમ્પની ઓફિસમાં ડેનિયલ્સને એકવાર જોતાં તેને લાગ્યું હતું કે, કલાકાર ટ્રમ્પના 'એપ્રેન્ટિસ-બ્રાન્ડ શો'માંના એક માટે સંભવિત સ્પર્ધક હતો. ભૂતપૂર્વ નેશનલ એન્ક્વાયરર પ્રકાશક ડેવિડ પેકરે જણાવ્યું કે, તેઓ કેવી રીતે સંમત થયા કે, ટ્રમ્પ અને મહિલાઓ વિશેની અફવાઓ અને દાવાઓને દૂર કરવામાં મદદ કરીને ટ્રમ્પ ઝુંબેશની 'જોવાની અને સાંભળનાર' તરીકે સેવા આપે છે. ઈમેલ એક્સચેન્જો, બિઝનેસ ટ્રાન્ઝેક્શન્સ અને બેંક એકાઉન્ટ્સ ઉપર વિગતવાર જુબાની દ્વારા, પ્રોસિક્યુટર્સ તેમની દલીલનો પાયો બનાવી રહ્યા છે કે ટ્રમ્પ હશ મની પેમેન્ટ્સના સંબંધમાં ખોટા બિઝનેસ રેકોર્ડ્સના ૩૪ ગુનાખોરી માટે દોષિત છે. પ્રોસિક્યુશન પોતે કોહેનની નિર્ણાયક જુબાની તરફ દોરી રહ્યું છે, જે ઝુંબેશ ફાઈનાન્સ ઉલ્લંઘન અને અન્ય ગુનાઓ માટે દોષિત જાહેર કર્યા પછી ફેડરલ જેલમાં ગયા હતા. ટ્રમ્પે કોઈપણ ગેરરીતિનો ઈન્કાર કર્યો છે અને દોષિત ન હોવાનું રટણ કર્યું છે.

કોહેન ક્યારે સ્ટેન્ડ લેશે તે સ્પષ્ટ નથી; ટ્રાયલ હજુ વધુ લાંબી ચાલવાની આશા છે. ટ્રમ્પની કોર્ટમાં હાજરી છે કારણ કે તેની ચાર ગુનાહિત ટ્રાયલમાંથી પ્રથમ ટ્રાયલ ચાલી રહી છે. નવેમ્બરની ચૂંટણી નજીક આવી રહી હોવાથી તે વધુને વધુ નિરાશ થઈ રહ્યાં છે. ટ્રમ્પે ગયા અઠવાડિયે કોર્ટહાઉસ હોલવેમાં જાહેર કર્યું હતું કે, "આપણો દેશ નરકમાં જઈ રહ્યો છે અને આપણે અહીં દરરોજ બેસી રહીયે તેવી તેમની યોજના છે, જેથી તેઓ ચૂંટણી જીતી શકે." ન્યાયાધીશે ગેગ ઓર્ડરના ઉલ્લંઘનની અન્ય બેચ ઉપર સુનાવણી પણ સુનિશ્ચિત કરી છે, જેમાં મર્ચન પ્રોસિક્યુટર્સની વિનંતી ઉપર ટ્રમ્પને દંડ ફટકારવા અંગે નિર્ણય લઈ શકે છે. તેમનું કહેવું છે કે, તેઓ એક ગેગ ઓર્ડરનું ઉલ્લંઘન કરે છે જે તેમને સાક્ષીઓ, ન્યાયાધીશો અને કેસ સાથે જોડાયેલા કેટલાક અન્ય લોકો વિશે જાહેર નિવેદનો કરવાથી પ્રતિબંધિત કરે છે. પ્રોસિક્યુટર્સે, ટ્રમ્પના લાંબા સમયના મિત્ર પેકરનો ઉપયોગ 'પકડો અને મારી નાખો' વ્યવસ્થાની વિગતવાર માહિતી માટે કર્યો હતો જેમાં તેણે ઉમેદવાર વિશે અસ્પષ્ટ વાતો એકત્રિત કરી હતી જેથી નેશનલ એન્ક્વાયરર અથવા ટ્રમ્પના સહયોગીઓ દાવાઓને ખરીદી અને દફનાવી શકે. પેકરે વર્ણવ્યું કે, કેવી રીતે તેણે ડોરમેન અને ભૂતપૂર્વ પ્લેબોય મોડલ કારેન મેકડોગલની વાતો સાંભળવા અને બેસવા માટે ૧,૮૦,૦૦૦ ચૂકવ્યા હતા. તેણે પોતાની જાતને ડેનિયલ્સ પેઆઉટમાં સામેલ કરી ન હતી. તેની જુબાની ચાર દિવસ ચાલી હતી.

ટ્રમ્પે કહ્યું કે તમામ વાર્તાઓ ખોટી હતી. તેમના વકીલોએ ઉલટતપાસનો ઉપયોગ કરીને સૂચવ્યું કે, ટ્રમ્પ ખરેખર તેમના નામ અને તેમના પરિવારને પ્રમુખ પદની ચૂંટણીના પરિણામને પ્રભાવિત ન કરવા માટેના પ્રયાસમાં રોકાયેલા હતા. ફારોએ પ્રથમ શુક્રવારે સ્ટેન્ડ લીધું હતો. ફર્સ્ટ રિપબ્લિક બેંકમાં વરિષ્ઠ મેનેજિંગ ડિરેક્ટર હોવા છતાં, તેમને ટ્રમ્પના વકીલ સાથે લગભગ ત્રણ વર્ષ સુધી કામ સોંપવામાં આવ્યું હતું, કારણ કે તેમની 'વ્યક્તિઓને સંભાળવાની ક્ષમતા થોડી પડકારરૂપ હોઈ શકે છે.' ફારોએ જણાવ્યું હતું કે, તેણે એવું કર્યું નથી. કોહેનને મુશ્કેલ લાગે છે. ફારોએ કોહેનને બે લિમિટેડ લાયબિલિટી કંપનીઓ કોર્પોરેટ-સ્પીક બિઝનેસ એકાઉન્ટ માટે એકાઉન્ટ બનાવવામાં મદદ કરવાની પ્રક્રિયાની વિગતો આપી હતી જે એકાઉન્ટ પાછળની વ્યક્તિને જવાબદારી, દેવું અને અન્ય સમસ્યાઓથી રક્ષણ આપે છે. ફારોએ જુબાની આપી હતી કે કોહેને કંપનીઓ, રિઝોલ્યુશન કન્સલ્ટન્ટ્સ એલએલસી અને એસેન્શિયલ કન્સલ્ટન્ટ્સ એલએલસી, રિયલ એસ્ટેટ કન્સલ્ટિંગમાં સામેલ થશે એવો સંકેત આપ્યો હતો.

# પતંજલિ જાહેરાત કેસ : સુપ્રીમે નિષ્ક્રિયતા મુદ્દે ઉત્તરાખંડ લાયસન્સિંગ ઓથોરિટીની ઝાટકણી કાઢી



નવી દિલ્હી, તા. ૩

સુપ્રીમ કોર્ટે મંગળવારે ઉત્તરાખંડ સ્ટેટ લાયસન્સિંગ ઓથોરિટી (**SLA**)ની પતંજલિ આયુર્વેદ સામે લગભગ છ વર્ષથી નિષ્ક્રિયતા દર્શાવવા બદલ આકરી ટીકા કરી હતી. જસ્ટિસ હિમા કોહલી અને અહસાનુદ્દીન અમાનુલ્લાની બેન્ચે સ્પષ્ટ કર્યું કે સુપ્રીમ કોર્ટે કેસની સુનાવણી શરૂ કર્યા પછી જ સત્તાવાળાઓએ કાર્યવાહી કરી હોય તેવું લાગે છે. સુપ્રીમે ટિપ્પણી કરી હતી કે, ''જ્યારે તમે ખસેડવા માંગો છો ત્યારે તમે વીજળી વેગે આગળ વધો છો! અને જ્યારે તમે ન ઈચ્છતા હોવ ત્યારે તમે નથી કરતા. ત્રણ દિવસના સમયમાં તમારે જે કરવાની જરૂર હતી તે બધું તમે કરી લીધું છે. પરંતુ તમારે તે બધું ઘણું વહેલું કરવું જોઈતું હતું. કોર્ટે એ પણ નોંધ્યું હતું કે **SLA** દ્વારા દાખલ કરવામાં આવેલ એફિડેવિટમાં આ પહેલાની ફરિયાદો ઉપર સત્તાધિકારી દ્વારા લેવામાં આવેલી કાર્યવાહીની ચોક્કસ વિગતો નથી અને એ પણ જાણવા મળ્યું છે કે તેની ક્રિયાઓ અંગે કરવામાં આવેલા નિવેદનોને પૂરતી વિગતો દ્વારા સમર્થન આપવામાં આવ્યું નથી. વધુમાં કોર્ટે લગભગ ચાર વર્ષ સુધી આ પદ ઉપર રહેલા એક અધિકારીને પ્રશ્ન કર્યો કે તેમણે સરકારમાં તેમના પદને યોગ્ય ઠેરવવા માટે શું પગલાં લીધાં છે. કેન્દ્ર સરકારે હાલના પ્રભારી અધિકારી ડો. સ્વસ્તિક સુરેશને ફરિયાદ મોકલી હોવાનું નોંધીને કોર્ટે તેમને પૂછ્યું કે શું તપાસ કરવામાં આવી છે અને શું રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે. ત્યારબાદ કોર્ટે આ અંગે વરિષ્ઠ વકીલ ધ્રુવ મહેતાને સાંભળ્યા પરંતુ તે જવાબોથી સંતુષ્ટ ન થઈ હતી. કોર્ટ હોલમાં હાજર રહેલા અધિકારી સાથે વાત કરવા માટે પણ કોર્ટે કાર્યવાહી હાથ ધરી હતી. જો કે, બાદમાં કોર્ટે અધિકારીને બીજી એફિડેવિટ દાખલ કરવાની પરવાનગી આપવાનો નિર્ણય કર્યો કારણ કે તેનો હેતુ અધિકારીને ગભરાવવાનો નહોતો. આમ કોર્ટે તેના આદેશમાં નોંધ્યું કે, ''એફિડેવિટ ઉપરથી જણાય છે કે ૧૦ એપ્રિલે કોર્ટના આદેશ પછી જ સત્તાધિકારીઓ કાયદા અનુસાર કાર્યવાહી કરવા સક્રિય થયા હતા. વકીલની વિનંતી મુજબ ૧૦ દિવસની અંદર વધારાના સોગંદનામા દાખલ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.'' ૧૦ એપ્રિલે સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે ઉત્તરાખંડ લાયસન્સિંગ ઓથોરિટી માત્ર ફાઈલોને આગળ ધપાવી રહી છે અને તેણે કંઈ કર્યું નથી તે પછી ઉપરોક્ત કાર્યવાહી થઈ હતી. સુપ્રીમે અવલોકન કર્યું કે, ''રાજ્ય સત્તાવાળાઓ પ્રતિસ્પર્ધીઓ સાથે હાથ મિલાવે છે. અધિકારીઓ માટે 'બોનાફાઈડ' શબ્દના ઉપયોગ સામે અમને સખત વાંધો છે. અમે હળવાશથી લેવાના નથી. અમે આને ફાડી નાખીશુ.'' સુપ્રીમ કોર્ટે પતંજલિ આયુર્વેદ વિરૂદ્ધ કાયદાના ભંગ બદલ કાર્યવાહી ન કરવા બદલ ઉત્તરાખંડ સરકારની ઝાટકણી કાઢી હતી. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, ''લાયસન્સિંગ નિરીક્ષક શાંત રહ્યા, અધિકારી દ્વારા કોઈ રિપોર્ટ નથી. સંબંધિત અધિકારીઓને સસ્પેન્ડ કરવા જોઈએ.'' સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે હરિદ્વારમાં ૨૦૧૮થી અત્યાર સુધીમાં જિલ્લા આયુર્વેદિક અને યુનાની ઓફિસર તરીકે હોદ્દા ઉપર રહેલા તમામ અધિકારીઓએ તેમના દ્વારા લેવામાં આવેલી કાર્યવાહી અંગે જવાબો ફાઈલ કરવા જોઈએ. હવે આ કેસની સુનાવણી ૧૪ મેના રોજ થશે.

# એપ્રિલમાં સૌથી વધુ જીએસટી કલેક્શનનો રેકોર્ડ, ૨,૦૦,૦૦૦ કરોડને પણ વટાવી ગયું



નવી દિલ્હી તા.૩

ભારતનું ગ્રોસ જીએસટી કલેક્શન એપ્રિલ, ૨૦૨૪માં રૂા. ૨.૧ લાખ કરોડ સાથે રેકોર્ડ ટોચે નોંધાયું છે. જે વાર્ષિક ધોરણે ૧૨.૪ ટકા ગ્રોથ દર્શાવે છે સ્થાનિક ટ્રાન્જેક્શનમાં ૧૩.૪ ટકા, આયાતોમાં ૮.૩ ટકાના મજબૂત ગ્રોથ સાથે જીએસટી કલેક્શન ઐતિહાસિક ટોચે નોંધાયું હોવાનું નાણા મંત્રાલયે જણાવ્યું છે. અગાઉ ગતવર્ષે સમાનગાળામાં ૧.૮૭ લાખ કરોડનું જીએસટી કલેક્શન થયું હતું. નાણા મંત્રાલય દ્વારા જાહેર કરેલા આંકડા અનુસાર, ગુજરાતમાં માર્ચ-૨૪ દરમ્યાન રૂા.૧૩૩૦૧ કરોડનું જીએસટી કલેક્શન નોંધાયું હતું. જે અગાઉના વર્ષની તુલનાએ ૧૩ ટકા (૧૧૭૨૧ કરોડ) વધ્યું છે. રિફંડની ગણતરી કર્યા બાદ નેટ જીએસટી રેવેન્યુ એપ્રિલ, ૨૦૨૪માં રૂા.૧.૯૨ લાખ કરોડ નોંધાઈ છે. જે ગતવર્ષની તુલનાએ ૧૭.૧ ટકા વધી છે. જેમાં રૂા.૪૩૮૪૬ કરોડનું સેન્ટ્રલ જીએસટી, રૂ. ૫૩૫૩૮ કરોડનું સ્ટેટ જીએસટી તથા રૂા.૯૯૬૨૩ કરોડનું આઈજીએસટી તથા રૂા.૧૩૨૬૦ કરોડનું સેસ સામેલ છે. કેન્દ્ર સરકારે સેન્ટ્રલ જીએસટી માટે રૂા.૫૦૩૦૭ કરોડ, ઈન્ટિગ્રેટેડ જીએસટી પાસેથી રૂા.૪૧૬૦૦ કરોડના સેટલમેન્ટ કર્યા બાદ સેન્ટ્રલ જીએસટી બદલ રૂા.૯૪૧૫૩ કરોડ, સ્ટેટ જીએસટી બદલ રૂા.૯૫૧૩૮ કરોડની આવક નોંધાઈ છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ ખાતે નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, જીએસટી કલેક્શન ૨ લાખ કરોડની ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યું છે. દેશમાં ટેક્સ સુધારણા તરીકે જીએસટી ૧ જુલાઈ, ૨૦૧૭ના રોજ લાગુ થયુ હતું. કોવિડ મહામારી બાદ ૨૦૨૦-૨૧થી જીએસટી કલેક્શન સતત વધ્યુંછે. ૨૦૨૨-૨૩માં એવરેજ ૧.૫૧ લાખ કરોડ કલેક્શન નોંધાયું હતું.

# બાળકોની હેરફેર કરતી ગેંગના ૭ સભ્યોની ધરપકડ કરાઈ

મુંબઈ, તા.૩

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ યુનિટે બાળકો વેચતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કયી છે. આ ટોળકી મહારાષ્ટ્ર ઉપરાંત તેલંગાણા, આંધ્રપ્રદેશ અને અન્ય શહેરોમાં બાળકોનું વેચાણ કરતી હતી. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ ૨ આ કેસમાં અત્યાર સુધીમાં ૭ લોકોની ધરપકડ કરી ચૂકી છે. તેમજ વેચાયેલા બે બાળકોને બચાવી લીધા હતા. ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી રાગસુધા આરના જણાવ્યા અનુસાર, તેમને માહિતી મળી હતી કે વિક્રોલીની રહેવાસી કાંતા પેડનેકર નામની મહિલાએ તેના ૫ મહિનાના બાળકને શીતલ વારે નામની મહિલાને વેચી દીધું છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે જ્યારે શીતલ વારેને શોધીને તેની પૂછપરછ કરી તો સામે આવ્યું કે, શીતલે એક બાળક નહીં પરંતુ ૫ બાળકો વેચ્યા છે. જ્યારે કાંતા પેડનેકરનું બાળક ડોક્ટરને વેચી દેવામાં આવ્યું છે. માહિતી મળ્યા બાદ ક્રાઈમ બ્રાન્ચે સંજય સોપાન રાવ નામના ડોક્ટરની ધરપકડ કરી હતી. જ્યારે તેની પૂછપરછ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે તેણે બાળક અન્ય વ્યક્તિને ૨ લાખ રૂપિયામાં વેચી દીધું હતું. આ મામલે ક્રાઈમ બ્રાન્ચની ટીમે વધુ તપાસ કરી તો જાણવા મળ્યું કે આ ટોળકીએ અત્યાર સુધીમાં કુલ ૧૪ બાળકો વેચી દીધા છે. વેચવામાં આવેલા બાળકોની ઉંમર લગભગ ૮ મહિનાથી ૨ વર્ષ સુધીની છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધીમાં આ ગેંગના ૭ લોકોની ધરપકડ કરી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધીમાં રત્નાગીરી અને મલાડમાંથી બે બાળકોને બચાવ્યા છે. તપાસ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચને જાણવા મળ્યું કે આ એજન્ટો ફર્ટિલિટી હોસ્પિટલોમાં કામ કરે છે. જેના કારણે કોને બાળકની જરૂર છે તેની માહિતી તેઓ સરળતાથી મેળવી લે છે. ડીસીપી રાગસુધા આરના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં ૧૪ બાઈક વેચાઈ હોવાની માહિતી મળી છે. અમે તપાસ કરી રહ્યા છીએ અને વધુ બાળકો વેચાય તેવી અપેક્ષા છે. આ લોકો ૮૦ હજારથી ૪ લાખ રૂપિયામાં બાઈક વેચતા હતા. જે બે બાળકોને બચાવી લેવાયા છે. તે ૨.૫ લાખ અને ૨ લાખ રૂપિયામાં વેચાયો હતો. વિક્રોલી પોલીસે આ મામલે પોક્સો એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. ધરપકડ કરાયેલા ૭ આરોપીઓ ઉપરાંત વધુ ૩ લોકોની અટકાયત કરીને પૂછપરછ કરવામાં આવી રહી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં વંદના અમિત પવાર, શીતલ ગણેશ વારે, સ્નેહા યુવરાજ સૂર્યવંશી, નસીમા હનીફ ખાન, લતા નાનાભાઈ સુરવાડે, શરદ મારુતિ દેવાર, ડો. સંજય સોપાનરાવ ખંડારેનો સમાવેશ થાય છે. પકડાયેલા આરોપીઓએ નવજાત શિશુઓને તેમના દલાલો દ્વારા મહારાષ્ટ્રના વિવિધ જિલ્લાઓ માં વેચી દીધા હતા.

# કોવિડ કટોકટી પછી આપણે તેમાંથી કોઈ બોધપાઠ શીખ્યા નથી : ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના વડા

## IMAના વડા ડો.આર.વી. અશોકને સરકારની આયુષ્માન ભારત સ્વાસ્થ્ય વીમા યોજનાનું 'નબળું માળખું અને ઓછા ભંડોળ' અંગે ફરિયાદ કરી છે

કોલકતા તા.૩

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (**IMA**)ના વડા ડો.આર.વી. અશોકને કહ્યું છે કે, કોવિડ કટોકટી પછી કોઈ તેમાંથી કોઈ બોધપાઠ શીખવામાં આવ્યો નથી અને સ્વાસ્થ્યને દરેક ઝોનમાં દરેક રાજકીય પક્ષો દ્વારા ટોચની પ્રાથમિકતા તરીકે ગણવામાં આવતું નથી. અશોકને સરકારની મુખ્ય આયુષ્માન ભારત સ્વાસ્થ્ય વીમા યોજનાને 'તેના નબળા માળખા અને ઓછા ફંડ' તરીકે વર્ણવ્યું હતું અને આરોગ્ય ક્ષેત્રમાં રોકાણ વધારવા માટે હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, સ્વાસ્થ્યને અવગણવામાં આવે છે. કોવિડ રોગચાળા પછી પણ કોઈપણ સ્વાસ્થ્ય વિશે વાત કરવા માંગતું નથી, અમે તેમાંથી કોઈ પાઠ શીખ્યા નથી. અમે એક જ સ્થિતિની વાત કરીએ છીએ કે 'બધું સારૂં છે'. દુઃખની વાત છે કે, સ્વાસ્થ્ય એ રાજકીય પક્ષોની ટોચની પ્રાથમિકતાઓમાં સ્થાન ધરાવતું નથી. અસોકને વર્તમાન લોકસભા ચૂંટણી દરમ્યાન આ ક્ષેત્ર ઉપર ધ્યાન આપવા જણાવ્યું હતું. આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્યયોજના (**ABPMJAY**) યોજના પર અશોકને કહ્યું કે, આ યોજના 'ઉચ્ચ દૃષ્ટિ' ધરાવે છે અને તેની પાસેથી ઘણી અપેક્ષાઓ હતી. કારણ કે, ગરીબી રેખાથી નીચેના લોકો માટે વડાપ્રધાન દ્વારા તેની કલ્પના કરવામાં આવી હતી, પરંતુ કદાચ નીતિ આયોગ અને અમલદારો દ્વારા તેની રચના યોગ્ય રીતે કરવામાં આવી ન હતી. સરકારી હોસ્પિટલોમાં સારવાર પહેલાથી જ મફત છે. તો પછી દર્દીને તે મળે એમાં નવું શું છે ? સરકારી હોસ્પિટલ કે આયુષ્માન ભારત દ્વારા રૂટ કરાવવામાં આવે તો દર્દીને કંઈ નવું મળતું નથી. તેથી જનતામાં જે સદ્ભાવના પેદા કરવી જોઈતી હતી તે થઈ નથી. તેઓએ પોતે રાષ્ટ્રને આપેલી ગણતરી મુજબ અમને તે યોજના ચલાવવા માટે વાર્ષિક ઓછામાં ઓછા રૂા.૧.૬ લાખ કરોડની જરૂર છે. તેની શરૂઆત રૂા.૬૮૦૦ કરોડથી થઈ હતી અને હવે બજેટ રૂા.૧૨,૦૦૦ કરોડ છે.

**IMA**ના પ્રમુખે કહ્યું કે, તેઓ ઈચ્છે છે કે, સરકાર આરોગ્યની જવાબદારી સંભાળે, જાહેર હોસ્પિટલોમાં અને જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જાહેર માનવ સંસાધનોમાં રોકાણ કરે. આરોગ્યમાં જે પણ રોકાણ કરવામાં આવ્યું છે તે અપૂરતું છે. લોકો આરોગ્ય ઉપર જીડીપીના લગભગ ૩.૯ ટકા ખર્ચ કરે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો મળીને જીડીપીના ૧.૧થી ૧.૩ ટકા ખર્ચ કરે છે. તેમણે અગાઉના આયોજન પંચ દ્વારા ભારત માટે સાર્વત્રિક આરોગ્ય કવરેજ અંગેના ૨૦૧૧ના ઉચ્ચ-સ્તરના નિષ્ણાત જૂથના અહેવાલને ટાંકીને જણાવ્યું હતું કે, **NITI** આયોગ દ્વારા ૨૦૨૧ના અહેવાલ 'ભારતના મધ્યમ પરિવારો માટે સ્વાસ્થ્ય વીમો' શીર્ષકમાં જણાવાયું છે કે, ૧૦ ટકા ભારતીયો પોતાને માટે ચૂકવણી કરી શકે છે, ૨૫ ટકા આયુષ્માન ભારત યોજના દ્વારા અને બાકીનાની સંખ્યા લગભગ ૯૦ કરોડ છે, જે ખાનગી આરોગ્ય વીમામાં નાખવામાં આવે છે, યોજના પંચના દસ્તાવેજના ૧૦ વર્ષ પછી અમને વીમા ઉદ્યોગ સ્વીકાર્ય નથી. જો કે, તેમના મતે ભારતનું આરોગ્ય મોડલ યુએસ અને યુકે જેવી અદ્યતન અર્થવ્યવસ્થાઓ કરતા વધુ સારૂં છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં વસ્તીના ૨૦ ટકા લોકો તેમના જીડીપીના ૧૫ ટકા ખર્ચ કર્યા પછી સંભાળ લેતા નથી. વીમો એ નિષ્ફળ મોડલ છે. વીમાનું યુએસ મોડલ અમને અનુકૂળ નથી. કોવિડ દરમ્યાન પણ અમે વધુ સારૂં કામ કર્યું આ સમૃદ્ધ દેશો કરતાં આપણી પાસે જાહેર આરોગ્ય પ્રણાલી સારી છે. યુકેની નેશનલ હેલ્થ સર્વિસ (**NHS**) સાથે સરખામણી કરતાં અશોકને કહ્યું કે, ભારત અલગ છે. અહીં ભારતમાં તમે મોટા ભાગના સ્થળોએ ડોક્ટરને મળી શકો છો. પશ્ચિમમાં આ નથી. તમે ડોક્ટરને બહુ સરળતાથી મળી શકતા નથી. અમે શ્રેષ્ઠ મોડેલ છીએ. નાની અને મધ્યમ હોસ્પિટલોના મધ્યમ ક્ષેત્રને કારણે ભારતમાં આ કરવામાં આવી રહ્યું છે. તમારી પાસે સરકારી ક્ષેત્ર છે, તમારી કોર્પોરેટ સેક્ટરને નફો કરે છે, પરંતુ તેની વચ્ચે દેશભરમાં ડોક્ટરો દ્વારા ચલાવવામાં આવતી નાની મધ્યમ હોસ્પિટલો પણ છે. ભારતમાં તબીબી વ્યવસાયની સાહસિકતા અનન્ય છે અને તે એક સંપત્તિ છે જેને સાચવવી જોઈએ.

# ગાઝામાંથી કાટમાળ સાફ કરવામાં ૧૪ વર્ષ લાગી શકે છે : સંયુક્ત રાષ્ટ્ર

(એજન્સી) તા.૩

સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના એક અધિકારીએ જણાવ્યું કે ગાઝા પટ્ટીમાં ઈઝરાયલના યુદ્ધથી બચેલા અવિસ્ફોટિત ઓર્ડનન્સ સહિત વિશાળ જથ્થાને સાફ કરવામાં લગભગ ૧૪ વર્ષ લાગી શકે છે. યુનાઈટેડ નેશન્સ માઈન એક્શન સર્વિસ (**UNMAS**)ના વરિષ્ઠ અધિકારી પિહાર લોધમ્મર દ્વારા તાજેતરમાં જીનીવામાં એક પ્રેસ કોન્ફરન્સમાં આ જાહેરાત કરવામાં આવી હતી. લોધમ્મરે જણાવ્યું કે, યુદ્ધને કારણે અત્યંત વસ્તીવાળા વિસ્તારમાં અંદાજિત ૩.૭ કરોડ ટન કાટમાળ પડ્યો છે. લગભગ સાત મહિનાના સતત ઈઝરાયલી ગોળીબાર પછી તેમણે દાવો કર્યો કે જ્યાં અગાઉ વ્યાપક રીતે બાંધવામાં આવેલા અને ગીચ વસ્તીવાળા જિલ્લાઓ કાટમાળમાં ફેરવી દેવામાં આવ્યા છે તેવા વિસ્તારમાં વિસ્ફોટ ન થયેલા ઓર્ડનન્સની ચોક્કસ માત્રા નક્કી કરવી મુશ્કેલ છે. તેમણે જણાવ્યું કે "હું ફક્ત એટલું જ કહી શકું છું કે ઓછામાં ઓછા ૧૦ ટકા દારૂગોળો જે ફાયર કરવામાં આવે છે તે સંભવિત રીતે કાર્ય કરવામાં નિષ્ફળ જાય છે. ૧૦૦ ટ્રક સાથે આપણે ૧૪ વર્ષના કામ વિશે વાત કરી રહ્યા છીએ, તો લગભગ ૭,૫૦,૦૦૦ માણસો સાથે તેને દૂર કરવામાં ૧૪ વર્ષ લાગશે." એક પીઢ યુએન ડિમાઈનિંગ નિષ્ણાતે જિનીવામાં પત્રકારોને જણાવ્યું કે સંઘર્ષથી પ્રભાવિત ગાઝાના પ્રત્યેક ચોરસ મીટરમાં લગભગ ૨૦૦ કિલોગ્રામ કાટમાળ છે, તેના ભાગ માટે યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સીએ જણાવ્યું કે પરિસ્થિતિ ૧૦.૨ લાખ લોકોનું ઘર ધરાવતા રાફાહ શહેરમાં ઊંચા તાપમાન અને પાણીની અછતને કારણે ચેપી રોગોના ઊંચા જોખમને જોતાં ઝડપથી બગડી રહ્યું છે. તે નિર્દેશ કરે છે કે માનવતાવાદી કામદારોને દુઃખ ઘટાડવા અને જીવન બચાવવા માટે વધુ સમર્થન અને અવરોધ વિનાની પહોંચની જરૂર છે.

### માર્ચના અંતમાં ૪.૭૦ લાખથી વધારે અરજી મળી હતી

# અમેરિકાના H-1B વિઝાની અરજીઓમાં ૪૦% ઘટાડો

## કેટલાક લોકો ખોટી રીતે ફાયદો લેવા સિસ્ટમમાં ચેડા કરતા હતા, પરંતુ તેમને દૂર કરવામાં આવ્યા છે : યુએસ

વોશિંગ્ટન, તા.૩

અમેરિકાના એચ-૧બી વિઝા માટે હંમેશા જોરદાર ડિમાન્ડ રહે છે અને કંપનીઓ આ વિઝા મેળવવા માટે જાત જાતના હથકંડા અપનાવે છે. જોકે, અમેરિકાએ તાજેતરમાં એવા કેટલાક સુધારા કર્યા છે જેના કારણે H-1B વિઝાની અરજીઓમાં સીધો ૪૦ ટકાનો ઘટાડો થયો છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસે તાજેતરમાં જાહેરાત કરી છે કે H-1B વિઝા માટે લોટરી એપ્લિકેશનમાં ઘટાડો થયો છે. કેટલાક લોકો લોટરી સિસ્ટમમાં ફાયદો ઉઠાવવા માટે એકથી વધારે અરજીઓ કરતા હોય છે. તેને રોકવાના પગલાં લેવાતા અરજીઓની સંખ્યા તરત ઘટી ગઈ છે.

USCISએ જણાવ્યું કે ગયા વર્ષની સરખામણીમાં આ વખતે H-1B વિઝા માટે ઘણા ઓછા પ્રયાસ કરવામાં આવ્યા છે. તેનું કારણ છે કે અમે લાભાર્થી કેન્દ્રિત સિલેક્શન પ્રોસેસ અપનાવી છે. કેટલાક લોકો ખોટી રીતે ફાયદો લેવા સિસ્ટમમાં ચેડા કરતા હતા, પરંતુ તેમને દૂર કરવામાં આવ્યા છે. હવેથી કોઈ પણ આવી રીતે ખોટી અરજી કરશે તો તેની સામે પગલાં લેવાશે.

માર્ચના અંતમાં અમેરિકામાં H-1B વિઝા માટે લોટરી થઈ ત્યારે સરકારે ૪.૭૦ લાખથી વધારે અરજીઓ મળી હતી. ગયા વર્ષે સમાન ગાળામાં ૭.૬૦ લાખની આસપાસ અરજીઓ મળી હતી. એટલે કે એક જ વર્ષમાં અરજીઓની સંખ્યામાં ૪૦ ટકા ઘટાડો થયો છે. ઓવરઓલ વર્કર્સની સંખ્યા જોવામાં આવે તે લગભગ સરખી જ છે. ગયા વર્ષના ૪.૪૬ લાખની સરખામણીમાં આ વખતે આંકડો ૪.૪૨ લાખનો છે.

H-1B વિઝા પ્રોગ્રામ ૧૯૯૦ના દાયકામાં શરૂ કરવામાં આવ્યો હતો. તેનો હેતુ જે ફિલ્ડમાં લેબર શોર્ટેજ હોય તેમાં બેચલર્સ ડિગ્રી અથવા તેનાથી વધારે એજ્યુકેશન ધરાવતા વર્કર્સને અમેરિકા લાવવાનો હતો. ખાસ કરીને સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતના ક્ષેત્રમાં સ્કીલ્ડ લોકોને અમેરિકા લાવવા માટે આ વિઝાનો ઉપયોગ થાય છે. અમેરિકન કંપનીઓને આ વિઝા પ્રોગ્રામથી ટેલેન્ટેડ લોકો મળી રહે છે. પરંતુ તેના ટીકાકારોનું કહેવું છે કે આના કારણે લોકોના પગાર ઘટે છે અને લેબરને પ્રોટેક્શન મળતું નથી. કંપનીઓ સસ્તા પગારમાં વિદેશી વર્કર્સને લાવવા માટે સ્થાનિક લોકોની છટણી કરે છે. ઈન્ફોસિસ, એમેઝોન, માઈક્રોસોફ્ટ, એપલ, મેટા, ગૂગલ જેવી ટોચની ટેક્નોલોજી કંપનીઓ H-1B વિઝા પર સૌથી વધુ લોકોને હાયર કરે છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં ઈલેક્ટ્રોનિક રજિસ્ટ્રેશન ફી માત્ર ૧૦ ડોલર રાખવામાં આવી હતી, આ ઉપરાંત ફિઝિકલ પેપરવર્ક સબમિટ કરવાની પણ જરૂરિયાત નથી રહી. તેના કારણે તેનો ઘણો દુરુપયોગ થવા લાગ્યો હતો. USCIS પાસે એવા કિસ્સા પણ આવ્યા છે જેમાં એક વ્યક્તિએ એક જ વર્ષમાં ૮૩ જોબ ઓફર માટે અરજી સબમિટ કરી હતી. નવા રૂલ વ્યવસ્થિત છે અને તેમાં દરેકને સરખો ચાન્સ મળશે ભલે પછી તેની પાસે ગમે તેટલી જોબ ઓફર હોય.

H-1B વિઝાની સંખ્યા વધારવા માટે ભારતે હંમેશા માંગણી કરી છે કારણ કે આ વિઝાનો લાભ લેવામાં ભારતીયો હંમેશાથી આગળ રહ્યા છે. કેટલાક કડવા અનુભવો પછી અમેરિકન ઓથોરિટીને સમજાયું કે આ સિસ્ટમમાં કેટલીક ખામી છે જેનો અમુક કંપનીઓ ઘણો દુરુપયોગ કરે છે. USCISના આંકડા પ્રમાણે ૨૦૨૨માં ૪.૪૧ લાખ H-1B વિઝા એપ્લિકેશન એપ્રૂવ કરવામાં આવી હતી જેમાંથી ૭૨ ટકા કરતા વધારે અરજીઓ ભારતની હતી. ત્યાર પછી ચીનની ૧૨.૫ ટકા અરજીઓ એપ્રૂવ થઈ હતી કેનેડા ત્રીજા નંબર પર હતું અને તેની માત્ર એક ટકા અરજીઓને એપ્રૂવ કરવામાં આવી હતી.

### લમ્પી વાયરસના પશુઓમાં લક્ષણ દેખાતા તંત્ર ચિંતામાં

# અમદાવાદના ગ્રામ્ય વિસ્તારોમાં પાછો દેખાયો લમ્પી વાયરસ

## વિરમગામ પશુ આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલ દ્વારા તપાસ શરૂ પાંચ પશુધનમાં લમ્પી વાયરસના લક્ષણ દેખાયા

અમદાવાદ, તા.૩

અમદાવાદ ગ્રામ્યમાં પાછા લમ્પી વાયરસના લક્ષણ જોવા મળ્યા છે. જેમાં પશુમાં લક્ષણ દેખાતા ચિંતા વધી છે. અમદાવાદ ગ્રામ્યમાં લમ્પી વાયરસનો કેસ નોંધાયો છે. વિરમગામના વસવેલીયા ગામે લમ્પીને કેસ નોંધાયો છે. તેમાં ૫ પશુઓમાં લમ્પી વાયરસના લક્ષણ દેખાતા ચિંતા વધી છે.

પશુપાલકો માટે છેલ્લા કેટલાય સમયથી માથાનો દુખાવો બની ગયેલો રોગ એટલે કે લમ્પી વાયરસ જેણે થોડા સમય પહેલા અનેક પશુધનના જીવ લીધા હતા. આ લમ્પી વાયરસે ફરી એકવાર દેખાદેતાં પશુપાલકો અને પશુ ચિકિત્સકોમાં ખળભળાટ ફેલાયો છે. જાણવા મળી રહ્યું છે કે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં એકવાર ફરી લમ્પી વાયરસના કેસો સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર એવા વિરમગામ તાલુકાના કેટલાંક ગામોમાં પશુધનમાં લમ્પી વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. વિરમગામ તાલુકાના વસવેલીયા ગામમાં પશુઓમાં લમ્પી વાયરસના કેસો સામે આવ્યા છે જેણે લઈને પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે.

ઉલ્લેખનીય છે કે વસવેલીયા ગામમાં ૩ ગાય અને ૨ વાછરડામાં લમ્પી વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. લાંબા સમય બાદ વિરમગામ પંથકમા પશુઓમા લમ્પી વાયરસના લક્ષણો જોવા મળતા પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે. તો, લમ્પીના કેસો સામે આવતા વિરમગામ પશુ આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

### અનેક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી

# દુબઈમાં ફરી ભારે વરસાદ બાદ એડવાઈઝરી જાહેર

## અબુ ધાબીના કેટલાક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાયા

અબુધાબી, તા.૩

ગયા મહિને સંયુક્ત આરબ અમીરાત (UAE) માં આવેલા ભયંકર પૂરના થોડા દિવસો પછી, ગુરુવારે વહેલી સવારે અબુ ધાબી અને દુબઈમાં ભારે વરસાદ અને તોફાન આવ્યું હતું. આ પછી ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને દુબઈમાં બસ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી.

ખલીજ ટાઈમ્સના અહેવાલ મુજબ, દુબઈ આવતી પાંચ ફ્લાઈટને રાતોરાત ડાયવર્ટ કરવામાં આવી હતી, જ્યારે નવ દુબઈ આવનારી અને ચાર દુબઈથી બહાર જનારી ફ્લાઈટ્સને પણ રદ કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમીરાતની ઘણી ફ્લાઈટ્સ પણ રદ કરવામાં આવી છે.સ્થાનિક મીડિયાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દુબઈના નાગરિકો ગુરુવારે સવારે ૩ વાગે જોરદાર પવન, વીજળીના કડાકાથી જાગી ગયા હતા.

વરસાદના લગભગ એક કલાક પછી લગભગ ૪ વાગ્યે દેશના હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું હતું, જે દર્શાવે છે કે દેશના મોટાભાગના ભાગોમાં વરસાદી વાદળો ઘેરાઈ ગયા છે. દેશમાં પ્રતિકૂળ હવામાન ૩ મે સુધી યથાવત રહેવાની ધારણા છે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, અબુ ધાબીના કેટલાક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ જવાના અહેવાલ છે, જ્યારે જેબેલ અલી, અલ મકતુમ ઈન્ટરનેશનલ એરપોર્ટ, દુબઈ ઈન્ડસ્ટ્રિયલ સિટી, દુબઈ ઈન્વેસ્ટમેન્ટ પાર્ક અને જુમેરાહ વિલેજ ટ્રાયેન્ગલમાં જોરદાર પવન ફૂંકાવાના અહેવાલ છે.બુધવારે દુબઈ એરપોર્ટ અને બે સ્થાનિક એરલાઈન્સે મુસાફરો માટે એડવાઈઝરી જાહેર કરી હતી. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરી કરતી વખતે વિલંબ માટે તૈયાર રહેવા જણાવ્યું.

UAE એ ગુરુવાર સુધી બે દિવસ માટે મધ્યમથી ભારે વરસાદની ચેતવણી જાહેર કરી હતી, જેનાથી ઓફિસ-જનારાઓને ઘરેથી કામ કરવા માટે અને શારજાહ અને દુબઈની સ્કૂલો માટે ડિસ્ટન્સ લર્નિંગ માટે મજબૂત થવું પડ્યું હતું

ગયા મહિને એપ્રિલમાં દુબઈમાં તોફાન આવ્યા બાદ ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા હતા અને સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું. આ સમયગાળા દરમિયાન ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને અન્ય કામગીરી બંધ કરવામાં આવી હતી.

### તાત્કાલિક અસરથી કર્મચારીઓને છૂટા કરી દેવાયા

# દિલ્હીના મહિલા આયોગના ૨૨૩ કર્મચારીની નોકરીમાંથી હકાલપટ્ટી

નવી દિલ્હી, તા.૩

દિલ્હીના મહિલા આયોગમાં કામ કરતા ૨૨૩ જેટલા કર્મચારીઓને તાત્કાલિક અસરથી નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવ્યા છે. આમ અચાનક કર્મચારીઓ પર થયેલી કાર્યવાહીને પગલે દિલ્હીમાં રાજકારણમાં ગરમાવો આવે તેવી સંભાવના વર્તાઈ રહી છે.

મળતા અહેવાલ અનુસાર દિલ્હી મહિલા આયોગમાંથી ૨૨૩ કર્મચારીઓની તાત્કાલિક અસરથી હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. દિલ્હીના ઉપરાજ્યપાલ વી.કે.સક્સેનાના આદેશ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

એવો આરોપ છે કે દિલ્હીના મહિલા આયોગના તત્કાલીન અધ્યક્ષ સ્વાતી માલીવાલે નિયમો વિરુદ્ધ મંજૂરી વગર જ આ લોકોની નિમણૂક કરી હતી. આ કાર્યવાહીને કારણે ફરી એકવાર દિલ્હી સરકાર અને ઉપરાજ્યપાલ વચ્ચે ખેંચતાણ વધી શકે છે. જોકે કેજરીવાલ હાલ જેલમાં હોવાથી આ મામલે હવે શું પ્રતિક્રિયા જોવા મળે છે તે જોવાની રહી. આ મામલે આરોપ છે કે જ્યારે સ્વાતિ માલીવાલ ડિપાર્ટમેન્ટ ઓફ વૂમન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટના ચેરપર્સન હતા ત્યારે તેમણે સરકારની જરૂરી પરવાનગી લીધા વિના જ નિયમો વિરુદ્ધ જઈને આ લોકોની નિમણૂક કરી હતી. ડીસીડબ્લ્યૂ પર ડીસીડબ્લ્યૂ એક્ટ ૧૯૯૪ અને ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્સ એન્ડ પ્લાનિંગ ડિપાર્ટમેન્ટના દિશાનિર્દેશોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લાગ્યો હતો. તેમાં કહેવાયું કે આટલી મોટી સંખ્યામાં લોકોને કામ પર રાખવા માટે કોઈ જરૂરી સ્ટડી પણ કરવામાં આવી નહોતી. કોઈ વહીવટી પરવાનગી નહીં અને ખર્ચની મંજૂરી પણ નહોતી લેવાઈ.

### પેસેન્જર્સનો વેઈટિંગ ટાઈમ ઘટશે

# એરપોર્ટ ઉપર નવા ૨૨ ચેકઈન કાઉન્ટર અને ૪ એરોબ્રિજ બનશે

## અમદાવાદ એરપોર્ટ પર ટર્મિનલ-૨ પર સુવિધા વધારાઈ રહી છે : એરપોર્ટનું વિસ્તરણ પણ થઈ રહ્યું છે

અમદાવાદ, તા.૩

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અત્યારે મુસાફરોનો ધસારો સતત વધી રહ્યો છે. તેવામાં આગામી સમયે ઓલિમ્પિકને હોસ્ટ કરી શકાય એવી સંભાવનાઓ જણાઈ રહી છે અને એટલું જ નહીં ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ફ્લાઈટનો ટ્રાફિક પણ વધતા હવે અમદાવાદ એરપોર્ટને અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. આનાથી પેસેન્જર્સને વેઈટિંગ ટાઈમ ઘટશે એટલું જ નહીં તેઓ સરળતાથી કનેક્ટિંગ ફ્લાઈટ પણ પકડી શકશે. એટલું જ નહીં મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ૨૦૨૫ના અંત સુધીમાં મેટ્રોને પણ અમદાવાદ એરપોર્ટ સાથે જોડીને નવો પેસેન્જર ગેટ બનાવવાનો માસ્ટર પ્લાન બનાવાઈ રહ્યો છે. આના માટે કઈ કઈ સુવિધાઓ એડ કરાઈ રહી છે એના પર નજર કરીએ.

એરપોર્ટ ટર્મિનલ-૨ પર માર્ચ ૨૦૨૫ સુધીમાં જોઈએ તો ચાર નવા એરોબ્રિજ શરૂ થઈ જાય એવી ધારણા છે. એટલું જ નહીં જ્યારે પીક અવર્સ હોય કે પછી ફેસ્ટિવલ સિઝન હોય તો પેસેન્જર્સને વેઈટિંગ ઘણું કરવું પડતું હતું. આને ધ્યાનમાં રાખીને એરપોર્ટ પર ૨૨ નવા ચેકઈન કાઉન્ટર બનાવવાની જાહેરાત પણ કરી દેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ટર્મિનલ ૨ પર ડોમેસ્ટિકથી ઈન્ટરનેશનલ ટ્રાન્સફર ડેસ્ક પણ તૈયાર કરવામાં આવ્યું છે. હવે આગામી સમયમાં ફ્લાઈટ્સનો ટ્રાફિક પણ વધવાની સંભાવના છે. જેના પગલે ભાડામાં પણ ઘટાડો થઈ શકે છે. એટલું જ નહીં બીજી બાજુ જોવા જઈએ તો ટર્મિનલ ૨નું એક્સટેન્શન પણ પ્રોગ્રેસમાં છે. આનાથી પેસેન્જર્સને હવે કનેક્ટિંગ ફ્લાઈટ્સ છે તે પકડવામાં સરળતા રહેશે. અહીં ખાસ ઝાંખીઓ પણ ઊભી કરાશે. જેમાં ગુજરાતની હસ્તકલા, સ્થાપત્ય, વારસા સહિતનો અનુભવ કરાઈ શકાશે. અહીં દાંડીયાત્રા અને દેશના સ્વતંત્રતામાં ગુજરાતનું શું યોગદાન છે એની ઝાંખીઓ પણ એડ કરાઈ છે. ચેકિંગ કાઉન્ટરમાં જોવાજઈએ તો ૩૪ અત્યારે છે તેમાં ૨૨ એડ થતા કુલ ૫૬ ચેકિંગ કાઉન્ટર થઈ જશે. સિક્યોરિટી એરિયામાં હવે ૧૪ એક્સ રે મશીન થઈ ગયા છે. આગામી દિવસોમાં અહીં બસ બોર્ડિંગ ગેટની સંખ્યા ૨થી વધીને ૮ થઈ જશે. એરપોર્ટ પર અત્યારે ઈન્ટરનેશનલ ટૂ ઈન્ટરનેશનલ કનેક્ટિંગ ફેસેલિટી પેસેન્જર્સ માટે ઊભી કરી દેવામાં આવી છે. ડિપાર્ટરની વાત કરીએ તો અહીં ૧૪માંથી અત્યારે ૧૯ ઈમિગ્રેશન કાઉન્ટર થઈ ગયા છે. અરાઈવલની વાત કરીએ તો ૧૬માંથી ૨૪ ઈમિગ્રેશન કાઉન્ટર થઈ ગયા છે. ટર્મિનલ પર મેટલ ડિટેક્ટરની વ્યવસ્થા વધારીને ૨૦ કરાઈ દેવામાં આવી છે.

### હીટવેવથી પરેશાન થયું ચૂંટણી પંચ

# બિહાર બાદ હવે તેલંગણામાં મતદાનનો સમય લંબાવાશે

## નવા સમય અનુસાર હવે મતદાન સવારે ૭ થી ૫ વાગ્યાના બદલે સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી થશે


નવી દિલ્હી, તા.૩

દેશમાં લોકસભાની ચૂંટણી એવા સમયે યોજાઈ રહી છે જ્યારે આકરી ગરમી પડી રહી છે. તેને જોતા ચૂંટણી પંચ પણ સતર્ક છે. નવીનતમ માહિતી અનુસાર, બિહાર બાદ હવે ચૂંટણી પંચે તેલંગણામાં મતદાનનો સમય લંબાવવાનો નિર્ણય લીધો છે. પંચે ૧૩ મેના રોજ યોજાનારી લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે તેલંગણામાં લોકસભા મતવિસ્તાર અને ઘણી વિધાનસભા બેઠકો માટે મતદાનનો સમય લંબાવ્યો છે. નવા સમય અનુસાર હવે મતદાન સવારે ૭ થી ૫ વાગ્યાના બદલે સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી થશે. બુધવારે હવામાન વિભાગ (IMD) તરફથી મળેલા બુલેટિન મુજબ, રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ૬ મે સુધી હીટ વેવની સ્થિતિ યથાવત રહેશે. ચૂંટણી પંચે એક નોટિફિકેશનમાં કહ્યું છે કે ૧૨ લોકસભા મતવિસ્તારોની તમામ વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન માટે મતદાનનો સમય લંબાવાયો છે. જ્યારે બાકીની પાંચ સંસદીય બેઠકો પર, આ સમય કેટલીક વિધાનસભા ક્ષેત્રોમાં લાગુ થશે. કરીમનગર, નિઝામાબાદ, ઝહીરાબાદ, મેડક, મલકાજગીરી, સિકંદરાબાદ, હૈદરાબાદ, ચેવેલ્લા, મહબૂબનગર, નગરકુર્નૂલ (SC), નલગોંડા અને ભોંગિર લોકસભા બેઠકો માટે મતદાનનો સમય સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધીનો રહેશે. સમાચાર એજન્સી પીટીઆઈ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. આ પહેલા ચૂંટણી પંચે બિહારમાં મતદાનનો સમય લંબાવ્યો હતો. ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આદિલાબાદ લોકસભા સીટની પાંચ વિધાનસભા સીટ, પેદ્દાપલ્લે સીટની ત્રણ, વારંગલ (SC) સીટની છ, મહેબુબાબાદ (ST) સીટની ત્રણ અને ખમ્મમ લોકસભા બેઠકના પાંચ વિધાનસભા બેઠકોમાં લાગુ થશે. રાજ્યમાં આદિલાબાદ, પેદ્દાપલ્લે, કરીમનગર, નિઝામાબાદ, ઝહીરાબાદ, મેડક, મલકાજગીરી, સિકંદરાબાદ, હૈદરાબાદ, ચેવેલ્લા, મહબૂબનગર, નગરકુર્નૂલ, નલગોંડા, ભોંગિર, વારંગલ, મહબૂબાબાદ અને ખમ્મામ સહિત ૧૭ લોકસભા મતવિસ્તારોનો સમાવેશ થાય છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં BRSએ તેલંગણાની ૧૭માંથી નવ લોકસભા બેઠકો જીતી હતી. જો કે, વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીને મળેલા આંચકા પછી પક્ષપલટાને કારણે બંને રાષ્ટ્રીય પક્ષોએ પાંચ બેઠકો ગુમાવી હતી. તેમાંથી નાગરકર્નૂલથી પી રામુલુ અને ઝહીરાબાદથી બીબી પાટીલ ભાજપમાં જોડાયા હતા. આ ઉપરાંત પેદ્દાપલ્લીથી વેંકટેશ નેતા, વારંગલથી પસુનુરી દયાકર અને ચેવેલ્લાના જી રંજીથ રેડ્ડી કોંગ્રેસમાં જોડાયા હતા.

### ISRO ની નવી શોધમાં હાથ લાગ્યું નવુ જીવન

# ચંદ્ર પર આશા કરતા વધુ પાણી મળી આવ્યું છે

## ચંદ્રના ઉત્તર ધ્રુવ પર આશા કરતાં પાંચથી આઠ ગણું વધારે પાણી : ઈસરોની નવી સ્ટડીમાં થયો મોટો ખુલાસો



નવી દિલ્હી, તા.૩

પૃથ્વી હાલ ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહી છે. ભવિષ્યમાં પૃથ્વી પાણીની તંગીનો સામનો કરશે. ત્યારે અન્ય ગ્રહો પર પાણીની શોધ અને જીવનની શક્યતા તપાસવામાં આવી રહી છે. જેમાં ઈસરોને મોટી સફળતા મળી છે. ચંદ્ર પર આશા કરતા વધુ પાણી મળી આવ્યું છે. ઈસરો અને કેટલાક અન્ય વૈજ્ઞાનિકોએ મળીને આ શોધ કરી છે. ચંદ્રના બંને ધ્રુવ પર પાણીનો મોટો ખજાનો છે. ઉત્તારી ધ્રુવ પર દક્ષિણી ધ્રુવની સરખામણી ડબલ પાણી છે.

ચંદ્રમા પર આશા કરતા વધારે બરફ છે. પરંતુ તે તેની સપાટીની નીચે છે. તેને ખોદીને કાઢી શકાય છે. તેનો ઉપયોગ ચંદ્ર પર કોલોના બનાવવા માટે કરી શકાય છે. આ ખુલાસો ઈસરોએ કર્યો છે. ઈસરોના સ્પેસ એપ્લીકેશન સેન્ટર, આઈઆઈટી કાનપુર, યુનિવર્સિટી ઓફ સાઉધર્ન કેલિફોર્નિયા, જેટ પ્રોપલ્શન લેબોરેટરી અને આઈઆઈટી-આઈએસએમ ધનબાદના વૈજ્ઞાનિકોએ મળીને આ રિસર્ચ કર્યું છે.

નવી સ્ટડીમાં આ ખુલાસો થયો છે કે, ચંદ્રની જમીની એટલે કે સપાટીની નીચે અંદાજે બે-ચાર મીટર નીચે બરફનો મોટો જથ્થો છે. પહેલાની સરખામણીમાં પાંચથી આઠ ગણો વધારે બરફ છે. બરફનો આ ખજાનો ચંદ્રના બંને ધ્રુવ પર છે. તેથી જમીનમાં ડ્રિલિંગ કરીને બરફને કાઢી શકાય છે. જેથી ભવિષ્યમાં લાંબા સમય માટે માણસ ચંદ્રમા પર રહી શકે. તેનાથી દુનિયાની કોઈ પણ સ્પેસ એનજસીઓને ફાયદો થશે.

હવે સવાલ એ છે કે ચંદ્ર પર આટલો બધો બરફ કેવી રીતે આવ્યો. તો આ સવાલના જવાબમાં ઈસરોએ જણાવ્યું કે, આ ઈંબ્રિયન કાળનો મામલો છે. ત્યારે ચંદ્ર બની રહ્યો હતો. વોલ્કેનિઝમ એટલે કે જ્વાળામુખી ગતિવિધિઓથી નીકળેલી ગેસ લાખો વર્ષોથી ધીરે ધીરે સપાટીની નીચે બરફના રૂપમાં જમા થતી ગઈ છે. ચોંકાવનારી બાબત એ છે કે, આ નવા અભ્યાસથી જૂના અભ્યાસને સમર્થન મળે છે. ગત સ્ટડીમાં પણ ઈસરોના સ્પેસ એપ્લીકેશન સેન્ટરે ચંદ્રયાન-૨ ના ડ્યુઅલ ફ્રિક્વન્સી અપર્ચર રડાર અને પાર્લામેન્ટરી રડાર ડેટાનો ઉપયોગ કર્યો હતો. ત્યારે ચંદ્રના ધ્રુવીય ખાડાની અંદર બરફની હાજરી મળી આવી છે.

આ સ્ટડીમાં ઈસરો સહિત સમગ્ર દુનિયાની સ્પેસ એજન્સીઓને પોતાના ફ્યૂચર લૂનર મિશનમાં મદદ મળશે. પાણી શોધવા માટે ઈસરો કે અન્ય સ્પેસ એજન્સીઓ ધ્રુવો પર પોતાના મિશન અને ડ્રિલિંગ મશીન મોકલી શકે છે.

# શ્રી હનુમાન ચાલીસા યુવા કથાના પહેલાં દિવસે હરિપ્રકાશ સ્વામીએ સમજાવ્યું, જે લોકો હનુમાનજીની આ વાત અનુસરે તેને આશીર્વાદ મળે






(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૩

મહેસાણાના વિજાપુરમાં સાંકાપુરા ખાતે વડતાલ ધામ સંચાલિત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસ સ્વામીની શ્રીહનુમાન ચાલીસા યુવા કથાનો રંગેચંગે પ્રારંભ થઈ ગયો છે. ત્યારે કથા પહેલાં દિવસે શ્રી હરિપ્રકાશદાસ સ્વામી અને સંતોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પછી શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજની સમૂહ આરતી ઉતારવામાં આવી હતી. જે બાદ શ્રી હરિપ્રકાશદાસ સ્વામીએ વ્યાસપીઠ પરથી હાજરો ભક્તોને હનુમાન ચાલીસા યુવા કથાનું શ્રવણ કરાવ્યુ હતું. જેમાં શ્રી હરિપ્રકાશદાસ સ્વામીએ હનુમાનજીના મહિમા સાથે લોકો કેવી રીતે દાદાના જીવનમાંથી શીખ લઈને સુખી થઈ શકે તેવા પ્રસંગો કહ્યા હતા.

હનુમાનજીના જીવનમાંથી આપણે એક જ વસ્તુ શીખવાની કે સૌને દાદા કામ લાગ્યા

શ્રી હરિપ્રકાશદાસ સ્વામીએ વ્યાસપીઠ પરથી કહ્યું કે, "ભગવાનની આપણાં પર કૃપા છે. પાણી એમને બનાવ્યું અને તમે કોકને પાવ તો આશીર્વાદ મળે. હાથ ભગવાને આપ્યા અને તેનો સારો ઉપયોગ કરો તો તમને આશીર્વાદ મળે છે. વાણી ભગવાને તમને આપી તેનો મીઠી વાણી બોલીને કોકને રાજી કરો તો આશીર્વાદ તમને મળે છે. આપણે તો સાવ મફતમાં લેવાનું છે તોય હખ થતું નથી અને તોય લઈ શકતા નથી. એટલે હનુમાનજીના જીવનમાંથી આપણે એક જ વસ્તુ શીખવાની કે સૌને દાદા કામ લાગ્યા." હનુમાનજીની કરેલી સેવા નિષ્ફળ જાતી નથી વધુમાં શ્રી હરિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું કે, "આજે ભારતનું એક નેહડું અને ગામ એવું નહીં હોય જ્યાં હનુમાનજીનું મંદિર નહીં હોય! આ સુરેન્દ્રનગરમાં તો ગલીએ ગલીએ હનુમાનજીના મંદિર છે. અને પાછી બધા સેવા અને પૂજા સારામાં સારી કરે. એટલું ચોક્કસ યાદ રાખજો કે, હનુમાનજીની તમે કરેલી સેવા નિષ્ફળ જાતી નથી. દરેક સેવા સફળ થાય છે."

મહત્ત્વનું છે કે, સાંકાપુરા ખાતે ૨જી મેથી રાત્રે ૮ થી ૧૧ કલાક સુધી હનુમાન ચરિત્ર કથા યોજાઈ રહી છે. જેના આયોજક ધર્મેન્દ્રભાઈ તેમજ તેજેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ સહપરિવાર છે.

# જામનગર : સૈનિક સ્કૂલ બાલાચડીમાં પદગ્રહણ સમારોહ કાર્યક્રમ યોજાયો






જામનગર તા.૩

તાજેતરમાં શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ માટે સૈનિક સ્કૂલ બાલાચડી, જામનગરનો પદગ્રહણ સમારોહ શાળાના ઓડિટોરિયમમાં લશ્કરી પરંપરાઓની તર્જ પર ભવ્ય રીતે યોજાયો હતો.

આ પ્રસંગે સૈનિક સ્કૂલ બાલાચડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી કર્નલ પ્રમોદ આર અંબાસણા, એસએમ (શૌર્ય) મુખ્ય મહેમાન હતા. તેમના આગમન પર મુખ્ય મહેમાનનું સૈનિક સ્કૂલ બાલાચડીના આચાર્ય કર્નલ શ્રેયશ મહેતા દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને શાળાના યુદ્ધ સ્મારક શૌર્ય સ્તંભ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બાદમાં, તેમને કેડેટ ધ્રુવિલ મોદી દ્વારા શાળા અને તેની આસપાસના વિસ્તાર વિશે સેન્ડ મોડલ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા જેની મુખ્ય મહેમાન દ્વારા ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. મુખ્ય અતિથિએ વિવિધ શાળા નિમણૂકો, હાઉસ કેપ્ટન અને ડોર્મ પ્રીફેક્ટ માટે નામાંકિત કેડેટ્સને નિમણૂક આપી. કેડેટ્સને સર્વગ્રાહી ગુણોના આધારે નામાંકિત કરવામાં આવ્યા હતા જેમાં સમયની પાબંદી, શિસ્ત, નૈતિક મૂલ્યો, શૈક્ષણિક, રમતો અને રમતગમત, સકારાત્મક વલણ, નેતૃત્વના ગુણો વગેરેનો સમાવેશ થાય છે જેથી કરીને તેઓ તેમના સાથી શાળાના મિત્રો માટે રોલ મોડેલ બની શકે. તમામ કેડેટ્સ કે જેમની નિમણૂક કરવામાં આવી હતી જે શાળાના નિયમો પ્રત્યે તેમની નિષ્ઠા માટે નવનિયુક્ત કેડેટ્સને શપથ લેવડાવવામાં આવ્યા હતા. તેઓ ગૃહોમાં વિવિધ અભ્યાસક્રમ અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું ધ્યાન રાખશે અને શાળાના સુચારૂ સંચાલનમાં વહીવટને ટેકો આપશે. મુખ્ય અતિથિએ તેમના સંબોધન દરમિયાન નવનિયુક્ત કેડેટ્સને અભિનંદન આપ્યા અને કેડેટ્સમાં નેતૃત્વના ગુણો કેળવવાની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો. તેમણે સૈનિક સ્કૂલ બાલાચડીમાં વિતાવેલા તેમના વિદ્યાર્થીના જીવનનો અનુભવ શેર કર્યો હતો. તેમણે કેડેટ્સને તેમના સપના સાકાર કરવા માટે શાળામાં ઉપલબ્ધ સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી. તેમણે 'કેરેક્ટર બિલ્ડીંગ'નો અર્થ અને 'એસ કયુ આર આર આર' એટલે કે સર્વે, પ્રશ્ન, વાંચન, સમીક્ષા, પુનરાવર્તન દ્વારા અભ્યાસની વૈજ્ઞાનિક રીત સમજાવી. તેમણે કહ્યું કેડેટ્સે ખાવું, રમવું અને સારી રીતે અભ્યાસ કરવો જોઈએ અને હંમેશા ઉત્સાહી અને ઉત્સુકતા સાથે નવી વસ્તુઓ શોધવા માટે તૈયાર રહેવું જોઈએ. તેમણે ત્રણ પ્રકારની ફિટનેસના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો જેના પર કેડેટે હંમેશા ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ તે છે 'શારીરિક', 'માનસિક' અને 'આધ્યાત્મિક ફિટનેસ'. તેમણે કેડેટ્સને ક્યારેય હાર ન માનવા અને નિષ્ફળતાનો ડર ન રાખવાનો આગ્રહ કર્યો. તેમના વક્તવ્યમાં તેમણે કેડેટ્સ અને શાળાના વિકાસ માટે તેમની સમર્પિત નિઃસ્વાર્થ સેવા માટે અધિકારીઓ અને કર્મચારીઓની પણ પ્રશંસા કરી. શાળા વતી પ્રિન્સિપાલે મુખ્ય મહેમાનને સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યું હતું. મુખ્ય અતિથિએ કેડેટ્સ અને સ્ટાફ સાથે પણ વાતચીત કરી હતી. આ પ્રસંગે 'ઓબસા' સભ્યો અને પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. સમારોહનું સમાપન નવનિયુક્ત કેડેટ્સ અને સ્ટાફ સાથેના સમૂહ ફોટોગ્રાફ સાથે થયું હતું.

# ખંભાળિયામાં જિલ્લા ચૂંટણી અધિકારીએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી તા. ૭ ના રોજ મતદાન થનાર છે. ત્યારે ચૂંટણી કામગીરીમાં રોકાયેલા અધિકારીઓ તથા કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે પોસ્ટલ બેલેટથી મતદાનની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યાં જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યા તેમજ જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી સહિત ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ - કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કરી લોકશાહીના અવસરમાં સહભાગી થયા હતા.



મતદાન કર્યા બાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યાએ જણાવ્યું હતું કે, આગામી તા. ૭ મે ના રોજ લોકશાહીના મહાપર્વથી કોઈ વંચિત ન રહે તેમજ અધિકારીઓ અને કર્મચારીઓ પણ પોતાનો મત આપી શકે તે માટે પોસ્ટલ બેલેટ થકી મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. ઉપરાંત જિલ્લાના સૌ નાગરિકો મહત્તમ મતદાન કરી સશકત લોકશાહીના નિર્માણમાં સહભાગીતા અદા કરવા માટે અપીલ કરી હતી.

આ ઉપરાંત ખંભાળિયા પ્રાંત અધિકારી કે.કે. કરમટા, ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ સહિત અન્ય અધિકારીઓ અને કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું.

# કોટેચા અને કિસાનપરા ચોક ખાતે 'વધારીએ દેશની શાન આવો કરીએ મતદાન' 'મતદાન પત્રિકા'નું સંદેશો આપતું વિદ્યાર્થી જગત

રાજકોટ તા. ૩

લોકશાહીના મહાપર્વ સમા લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪માં દરેક નાગરીક ઉત્સાહભેર જોડાય તે માટે રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર, સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ સહિત વિવિધ સંસ્થાઓ દ્વારા મતદાન જાગૃત્તિ અર્થે અનેકવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. જે અન્વયે વી.વી.પી એન્જિનિયરીંગ કોલેજ, ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેકચર અને કીચ સ્કૂલ ઓફ ડિઝાઈનના સંયુક્ત ઉપક્રમે આજરોજ રાજકોટ શહેરના કિશાનપરા ચોક અને કોટેચા ચોક ખાતે મતદાન જાગૃત્તિ અંગે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ હેઠળ એન.સી.સી કેડેટ્સ અને વિદ્યાર્થી મિત્રોએ સિગ્નેચર કેમ્પેઈનના માધ્યમથી લોકોને મતદાન અંગેના સુવિચારો લખીને અને દેશભક્તિના ગીતો થકી લોકોને અચુક મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. તેમજ જાહેર જનતાને "મતદાન મારો અધિકાર, મતદાન મારું કર્તવ્ય", "વધારીએ દેશની શાન આવો કરીએ મતદાન"ના સ્લોગ્નની પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ઉપસ્થિત સર્વે મહાનુભવોએ અચુક મતદાન કરવા અંગેના શપથ લીધા હતા.

આ તકે સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવી, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ કૌશિકભાઈ શુકલ, ડો.સંજીવભાઈ ઓઝા, ડો. નરેન્દ્રભાઈ દવે, પ્રિન્સીપાલશ્રી ડો.તેજસભાઈ પાટલીયા તેમજ આર્કિટેકચર કોલેજના પ્રિન્સીપાલ શ્રી દેવાંગભાઈ પારેખ, શ્રી કિરીટ શેઠ, શ્રી ચમનભાઈ સિંધવ, શ્રી ધવલભાઈ જોશી, શ્રી અકુમુદીન ભારમલ, શ્રી ઊર્મિબેન માંકડ, શ્રી લીનાબેન શુક્લ, શ્રી રજનીભાઈ રૂપારેલીયા તેમજ તમામ વિભાગીય વડાઓ પ્રધાધ્યાપકો બિન-શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટની ધોળકીયા શાળા ખાતે કઠપૂતળીના ખેલ, નાટક, નૃત્ય થકી મતદારોને પવિત્ર ફરજ અંગે જાગૃત કરાયા

રાજકોટ તા.૩

રાજકોટ જિલ્લામાં આગામી લોકસભા ચૂંટણી માટે તા. ૦૭ મે ૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે.જેમાં સૌ રાજકોટવાસીઓ પોતાના પવિત્ર મતદાનની ફરજ અંગે જાગૃત થઈ, મતદાન કરે તે માટે "સ્વીપ" દ્વારા વિવિધ મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમો અંતર્ગત રાજકોટ શહેરની ધોળકીયા સ્કુલ ખાતે કઠપૂતળીના ખેલ, નૃત્ય અને નાટક થકી મતદારોને પવિત્ર



ફરજ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત સર્વેએ મતદાન અંગેના શપથ લઈ મતદાન કરવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો. જિલ્લાનાં વધુ ને વધુ નાગરિકો મતદાન કરે અને અન્યને પણ લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા પ્રેરણા આપે એવા શુભ હેતુસર તાલુકા પંચાયત કચેરી રાજકોટ ખાતે મહિલા કર્મચારીઓએ મતદાન અનુરોધ કરતી મહેંદી મૂકાવી અચૂક મતદાન કરવાના શપથ લીધાં હતાં. જેમાં મતદાન અચૂક કરો', 'મતદાન મેરા અધિકાર', 'વોટ ફોર નેશન', 'ચૂંટણીનું પર્વ, દેશનું ગર્વ', 'આઈ એમ રેડી ટૂ વોટ' જેવા મતદાન જાગૃતિના વિવિધ સૂત્રોને અવનવી મહેંદીની ભાતમાં મૂકાવીને મહિલાઓ દ્વારા અનોખી રીતે અચૂક મતદાનનો સંદેશ આપવામાં આવ્યો હતો તેમ અધિક કલેકટર તથા સ્વીપના નોડલ અધિકારી શ્રી જિજ્ઞાસાબેન ગઢવીની યાદીમાં જણાવાયું છે.

# પહેલા મતદાન પછી જલપાન... જામનગરમાં પી.એમ. મોદીએ માંગ્યા મતરૂપી આશીર્વાદ




(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

ગુજરાતમાં છેલ્લા બે દિવસથી ભાજપના પ્રચારની કમાન ખુદ વડાપ્રધાન મોદીએ સંભાળી છે. ગુજરાતમાં આજે આણંદ, સુરેન્દ્રનગર અને જૂનાગઢમાં જાહેરસભાને સંબોધ્યા બાદ ગઈકાલે ગુરુવારે સાંજે ચોથી સભા જામનગરમાં સંબોધી હતી.

પ્રધાનમંત્રીને સાંભળવા માટે જામનગર શહેર-જિલ્લા ઉપરાંત દેવભૂમિ દ્વારકા અને પોરબંદરથી મોટી સંખ્યામાં લોકો અને ભાજપના કાર્યકર્તાઓ જામનગર પહોંચ્યા છે. જામનગરમાં સભાને સંબોધતાં પહેલાં પી.એમ. નરેન્દ્ર મોદીએ જામનગરના જામસાહેબ શત્રુશલ્યસિંહજી જાડેજા સાથે પાઈલોટ બંગલો ખાતે મુલાકાત કરી હતી. બાપુએ પી.એમ.ને પાઘડી પહેરાવી આવકાર્યા હતા. જે અંગેનું ટ્વીટ પી.એમ.એ તેમના એક્સ (ટ્વીટર) પર કર્યું હતું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જામનગરમાં જામ સાહેબ સાથે મુલાકાત કરી છે. જામનગરના પાયલોટ બંગલોમાં ઁર મોદીએ મુલાકાત કરી હતી. આ મુલાકાતની તસવીરો પણ સામે આવી છે. પીએમ મોદીનું પાઘડી પહેરાવીને જામ સાહેબે સ્વાગત કર્યું. આ જ પાઘડી પહેરીને પી.એમ. મોદી જામનગરની ચૂંટણી સભામાં પહોંચ્યા છે. અને તેઓએ જામનગરના ઉમેદવાર પૂનમબેન માડમને મતદાનરૂપી આશીર્વાદ આપવા અપીલ કરી હતી. જો કે આ સંમેલન સાથે જે રીતે મોદીએ તેના ભાષણમાં રાજવી પરિવારને મહત્વ આપ્યું તેની અસરો ક્ષત્રિય સમાજ પર કેવી થશે તે આગામી સમયમાં સ્પષ્ટ થઈ જશે.

# દ્વારકાના પ્રતિષ્ઠિત રઘુવંશી વેપારી અને પત્રકાર ઉપર અજાણ્યા શખ્સો દ્વારા હુમલો




(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩

દ્વારકામાં મહાન બજારમાં જલારામ પ્રોવીઝન સ્ટોર નામની દુકાન ધરાવતા અને પત્રકાર મહેન્દ્ર કકકડ ઉપર ગઈકાલે બપોરે બે વાગ્યાની આસપાસ તેમની દુકાનમાંથી અજાણ્યા શખ્સોએ પુછયા વગર માલસામાન ઉપાડી લેતા અને તે બાબતે બોલાચાલી થતા દુકાનદારને અજાણ્યા શખ્સોએ સૌપ્રથમ બિભત્સ ગાળો આપતા અને બાદમાં પત્રકાર ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા તાત્કાલિક અસરથી પત્રકારે ૧૦૦ નંબર પર પોલીસને જાણ કરતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે. આ બનાવને પગલે અસરગ્રસ્ત દ્વારા દ્વારકા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ વિધિવત ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

સમગ્ર બનાવની જાણ થતા શહેરના વેપારીઓ તથા યુવા રઘુવંશી આગેવાનો ફરીયાદી સાથે પોલીસ સ્ટેશને પહોંચી ગયા હતા અને હુમલો કરનાર શખ્સો વિરૂધ્ધ સખ્તમાં સખ્ત કાર્યવાહી કરવા રજુઆતો કરેલ. સમગ્ર બનાવના મામલે દ્વારકાના રઘુવંશી સમાજ તથા પત્રકારોમાં ઘેરા રોષની લાગણી ફેલાઈ છે.

આ સમગ્ર બનાવના મામલે જીલ્લા પોલીસ વડા નિતેશકુમાર પાંડેય સુધી વાત પહોંચી જતા જીલ્લા પોલીસ વડાએ સ્થાનીક પોલીસ સાથે વાતચીત કરેલ અને દ્વારકા પી.આઈ. ટી.સી. પટેલે ફરીયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ખંભાળિયાના વધુ એક વિપ્ર યુવાનનું હૃદયરોગના કારણે મૃત્યુ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

ખંભાળિયાના હરસિધ્ધિ નગર વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિર પાસે રહેતા અને કર્મકાંડના વ્યવસાય સાથે સંકળાયેલા ભરતભાઈ જીવણલાલ રાજ્યગુરુ (મૂળ જુના વિરમદળ વારા) નામના ૪૫ વર્ષના બ્રાહ્મણ યુવાન ગઈકાલે ગુરુવારે સાંજના સમયે તેમના ઘરે સુતા હતા. ત્યારે એકાએક તેમનો શ્વાસ રૂંધાવવા લાગતા તેમને મૂર્છિત અવસ્થામાં અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા.

આ બનાવની જાણ મૃતકના પિતરાઈ ભાઈ રજનીકાંતભાઈ લાલજીભાઈ રાજ્યગુરુ (ઉ.વ. ૪૦) એ અહીં પોલીસની કરી છે. ચાર દિવસમાં વધુ એક વિપ્ર યુવાનનું હૃદય રોગના હુમલાના કારણે મૃત્યુ નિપજયાના આ બનાવે બ્રહ્મ સમાજ સાથે સમગ્ર શહેરમાં શોક સાથે પ્રસરાવી છે.

### તા.૭ મેના રોજ યોજાનારી

# લોકસભાની ચૂંટણીમાં વિકાસના બદલે વિવાદના મુદ્દા ગુંજતા રહ્યા

## સુરેન્દ્રનગર, જૂનાગઢ, જામનગરની ચૂંટણીસભામાં રૂપાલાની ગેરહાજરી સૂચક : વડાપ્રધાન મોદીએ એકપણ સભામાં રૂપાલાનું નામ લીધું નહી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

આગામી તા.૭ મેના રોજ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતની કુલ ૨૫ બેઠક ઉપર મતદાન થવાનું છે અને ચૂંટણી આડે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે અને ચૂંટણી લક્ષી તૈયારી જોરશોરથી અંતિમ ચરણમાં પહોંચી ગઈ છે તો બીજી તરફ આ વખતની લોકસભાની ચૂંટણીમાં ખાસ કરીને ગુજરાતની મોટાભાગની બેઠકો ઉપર પ્રજા હિત કે વિકાસના કાર્યોને બદલે વિવાદના મુદ્દા અગ્રસ્થાને રહ્યા છે અને નેતાઓ દ્વારા થયેલા નિવેદનોના પડઘા ચોમેર ગુંજી ઉઠ્યા હતા અને આ વિરોધના સુર હજુ મતદાન સુધી યથાવત રહેશે તેમ મનાઈ છે.

લોકસભાની ચૂંટણી અંગેનું રણશીંગું ફુંકાયું છે અને જયારથી ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયો અને જે તે બેઠકના ઉમેદવારોના નામાવલી જાહેર થઈ ત્યારથી જ આ વખતે એક યા બીજા કારણોસર વિવાદ સતત થતા રહ્યા છે. ગુજરાતની કેટલીક બેઠકો ઉપર ઉમેદવારોની પસંદગીથી લઈને જુદા-જુદા અસંતોષ ખાસ કરીને ભાજપ પાર્ટીમાં જોવા મળ્યા હતા. આ દરમ્યાન રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરષોતમ રૂપાલાએ કરેલી ટિપ્પણીને લઈને ક્ષત્રીય સમાજમાં વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો અને પરષોતમ રૂપાલાને હટાવવાની માંગ સાથે આંદોલન હાથ ધરવામાં આવ્યું. ક્ષત્રીય સમાજનું આંદોલન એકલા સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાત નહી પરંતુ રાજય બહાર પણ દેશના અન્ય ભાગોમાં છવાયેલું રહ્યું. ભાજપના વરિષ્ઠ નેતાઓએ એટલે હાઈકમાન્ડથી લઈ અને ટોચના નેતાઓએ ડેમેજ કંટ્રોલ માટેની કવાયતો હાથ ધરી પરંતુ આ કવાયતો એકંદરે નિષ્ફળ રહી છે અને એટલું જ નહી ક્ષત્રીય રાજપુત સમાજ દ્વારા આંદોલન જોરશોરથી ચાલી રહ્યું છે અને એક સમયે ફકત રૂપાલાનો વિરોધ હતો પરંતુ રૂપાલાને હટાવવામાં ન આવતા હવે જયાં જયાં ભાજપના ઉમેદવાર છે ત્યાં ત્યાં તેમનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. જોકે રાજપુત ક્ષત્રીય સમાજ દ્વારા જે આંદોલન ચાલી રહ્યું છે તેમાં ક્ષમતા સયમ જાળવવામાં આવ્યો છે. સરકારની કોઈ પ્રોપર્ટીને નુકસાન કરવું કે તોફાનો કરવા એવી બધી બાબતોથી આંદોલનકારીઓ દુર રહ્યા છે અને એક નિશ્ચિત ગતીએ તેઓનું આંદોલન ચાલી રહ્યું છે. રાજપુત ક્ષત્રીય સમાજ દ્વારા જુદા-જુદા વિસ્તારોમાં સંમેલનો, રથ ફરવો જેવા કાર્યક્રમો પણ યોજાઈ રહ્યા છે. અનેક પ્રયાસો કરવા છતાં પણ તેઓનું આંદોલન સમાવી શકાયું નથી અને શાંત કરી શકાયું નથી તે પણ એટલી જ હક્કિત છે અને આ બાબતથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વાકેફ છે જ અને તેનો અણસાર પણ ગઈકાલે સભામાં જોવા મળ્યો હતો. સુરેન્દ્રનગરમાં ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભા યોજાઈ હતી જેમાં સુરેન્દ્રનગર ઉપરાંત રાજકોટ, ભાવનગર લોકસભાના ઉમેદવારના પ્રચાર માટે આ સભા હતી પરંતુ મંચ ઉપર રાજકોટના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરષોતમ રૂપાલાની ગેરહાજરી જોવા મળતી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના વકતવ્ય દરમ્યાન સુરેન્દ્રનગર, ભાવનગર બેઠકના ઉમેદવારને જીતાડવા આહવાન કર્યું હતું પરંતુ પરષોતમ રૂપાલાનો ઉલ્લેખ જ ટાળ્યો હતો. દરમ્યાન પરષોતમ રૂપાલાના નિવેદનથી જે વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો હતો તે હજુ અંકબધ્ધ છે. વાત આટલેથી અટકતી નથી પરંતુ વિસાવદર ખાતે ભાજપના મધ્યસ્થ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ભૂપત ભાયાણી તેમજ કિરીટ પટેલ દ્વારા પણ કરેલી ટિપ્પણીનો વિરોધ ઉઠયો હતો. આ બાબતો હજુ ચર્ચાસ્પદ બનેલી રહી હતી અને ત્યાં જ રાહુલ ગાંધીએ પણ કેટલાક નિવેદનો કરતા તેની સામે પણ વિરોધ ઉઠવા પામ્યો હતો. ટુંકમાં આ વખતના લોકસભાની ચૂંટણી જંગમાં કયાંકને કયાંક એક યા બીજા કારણસર કથિત નેતાઓના વાણી વિલાસ, અભદ્ર ટિપ્પણી અને વિવાદીત નિવેદનોને કારણે ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતની લોકસભાની બેઠક ઉપર વિકાસના મુદ્દાને બદલે વિવાદના મુદ્દાઓ વધારે જોરશોરથી ગુંજી ઉઠયા છે.

# જૂનાગઢ જીલ્લામાં ૮૪૯૦ હેકટર સહિત સૌરાષ્ટ્રમાં કુલ ૩૭૫૧૭ હેકટર કેસર કેરીના આંબાનું વાવેતર



## તાલાળામાં કેસર કેરીની મબલખ આવક સામે મુહુર્તના સોદા થયા : પેટીના રૂા.૬૦૦થી ૧૨૦૦ ભાવ બોલાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ જીલ્લામાં ૮૪૯૦ હેકટર સહિત સૌરાષ્ટ્રમાં કુલ ૩૭૫૧૭ હેટકર કેસર કેરીના આંબાનું આ વર્ષે વાવેતર થયું છે. આ સાથે જ સૌરાષ્ટ્રના માર્કેટીંગ યાર્ડોમાં કેરીની આવક શરૂ થઈ ગઈ છે. ગીરમાં કેસર કેરી પકવતા ખેડૂતોમાં કહી ખુશી કહી ગમ વચ્ચે ૧ મેં એ કેસર કેરીની હરાજી શરૂ થઈ છે. જોકે, ગત વર્ષ કરતાં ૧૨ થી ૧૫ દિવસ હરાજી મોડી શરૂ થઈ છે. કેસર કેરીનું ઘર ગણાતા તાલાળા મેંગો માર્કેટમાં કેરીની હરાજી શરૂ થઈ છે. પ્રથમ ૧૦ કિલોનું બોક્સ રૂપિયા ૧૨ હજારમાં ગાયનાં ચારા માટે ગયું. તો કેસર કેરીના ૧૦ કિલોના એક બોક્સનો સરેરાશ ભાવ રૂપિયા ૬૦૦ થી ૧૨૦૦ નો રહ્યો. કેસર કેરીની સીઝન આ વખતે ટૂંકી રહેવાનું અનુમાન વેપારીઓએ કર્યું છે. કેસરના ઓછા ઉત્પાદનને કારણે આ વર્ષ ભાવ ઊંચા રહેશે. કેસર રસિયા માટે કેસરનો સ્વાદ ખાટો રહેશે. કેસર કેરીની રાજધાની તરીકે ઓળખાતા તાલાળા માર્કેટિંગ યાર્ડમાં ગુજરાતના સ્થાપના દિવસ ૧ મેથી કેસર કેરીની હરરાજી શરૂ કરવામાં આવી છે. જે ગત વર્ષ કરતા એક અઠવાડિયું મોડી છે. તાલાળા એપીએમસી ખાતે દર વર્ષ એપ્રિલનાં છેલ્લા અઠવાડિયામાં હરાજીની શરૂઆત થતી હોય છે. પરંતુ આ વર્ષ કેસર કેરી મોડી થવાને કારણે હરાજી પણ મોડી શરૂ થઈ છે. કેસરના ઓછા ઉતારાની ભીતિને કારણે ભાવો ઊંચા રહેવા પામ્યા છે. ગીર સોમનાથ જિલ્લો કેસર કેરીનો ગઢ ગણાય છે. દર વર્ષે મોટી માત્રામાં કેસર કેરીનું ગીરમાં ઉત્પાદન થાય છે અને દેશ વિદેશમાં કેસર કેરી એક્સપોર્ટ થાય છે. પરંતુ વર્તમાન સીઝન કેસર માટે માફક ન હોવાનું સામે આવ્યું છે. ગ્લોબલ વૉર્મિંગને કારણે આ વખતે આંબા ઉપર આવરણ આવવામાં ખાસ્સો સમય લાગ્યો હતો. પ્રથમ તબક્કાની કેરી બજારમાં આવી છે. કમોસમી વરસાદ અને રોગ જીવાતને કારણે આ વર્ષે કેસર કેરીનું ઉત્પાદન ઓછું થવાની સંભાવનાં છે. તો રોગ જીવાતને કારણે કેસરમાં ખરણ પણ વધ્યું હતું. આજે તાલાળા મેંગો માર્કેટમાં પ્રથમ દિવસે ૧૦ કિલોના કુલ ૫૭૬૦ બોક્સની આવક થઈ છે. તો અત્યાર સુધીમાં યુકે કેનેડા, યુએઈ સહિતના દેશોમાં કેસરના ૩ કિલોના ૪૪૦૦ બોક્સ એક્સપોર્ટ કરવામાં આવ્યા છે. આ વખતની સિઝન ટૂંકી ચાલશે. આ વર્ષ ૬૦ ટકા કેસરનું ઉત્પાદન ઓછું થવાની સંભાવનાને કારણે કુલ ૬ થી ૭ લાખ બોક્સ પુરી સીઝન દરમ્યાન આવશે તેવી ધારણા છે. ગત વર્ષની તુલનાએ આ વર્ષ આંબા ઉપર ફલાવરિંગ ઘણું ઓછું આવ્યું હતું. જેને કારણે કેરીનું ઉત્પાદન પણ ઓછું થવાની શકયતા વર્તાઈ રહી છે. મગીયો બંધાયા બાદ રોગ જીવાતે દેખા દીધી અને કેસરને ગ્રહણ લાગી ગયું. રોગ જીવાતને કારણે કેસર નાની ખાખડી સ્વરૂપે જ ખરવા માંડી ત્યારે આ વર્ષ કેસરનું ઉત્પાદન ખૂબ ઓછું જોવા મળશે. સીઝનમાં માંડ ૫૦ ટકા જેટલું કેસરનું ઉત્પાદન થશે તેવી ધારણા બંધાઈ છે. વાતાવરણની વિષમતા કહો, કે જે ગણો તે કેસર બજારમાં પણ આવી ગઈ અને તગડા મૂલ્યે વેચાઈ પણ ખરી. આંબા વાડિયાઓમાં જે પ્રમાણે કેરી છે તે આવશે પણ તેના ભાવ ઊંચા રહેવા શકયતા છે. જેથી ગ્રાહકો ચીતીત તો ખેડૂતોમાં પણ નિરાશા જોવા મળી રહી છે. ઓછું ઉત્પાદન અને પૂરતા ભાવ નહીં મળવાને કારણે ખેડૂતો ચિંતિત છે. વર્તમાન સીઝનમાં કેસરનાં ઉત્પાદનમાં ઘટાડો જરૂર નોંધાય તેવું લાગી રહ્યું છે. જો આ વખતે કમૌસમી વરસાદ ન થાય તો સિઝન ૩૦ થી ૪૫ દિવસ સુધી ચાલે તેવી સંભાવના ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. કેસરના શરૂઆતી ભાવો રહેશે. પછી જેમ-જેમ માલ બજારમાં આવતો થશે તેમતેમ ભાવ પણ ઘટવાની સંભાવનાને લઈ પાછોતરી કેસર જે ખેડૂતોની થશે તેઓને ઓછા ભાવ મળવાની શક્યતા જોતા તેઓમાં કકળાટ ફેલાયો છે. આથી આ વર્ષ કેસરના ભાવ પાછલા વર્ષની સરખામણીએ સરેરાશ વધુ રહે તો જ ખેડૂતોને ફાયદો થાય. સૌરાષ્ટ્રમાં કુલ ૩૭૫૧૭ હેકટર કેસર કેરીના આંબાનું વાવેતર છે. જેમાં જિલ્લા વાઈઝ વાત કરીયે તો જૂનાગઢ ૮૪૯૦ હેકટર, ગીર સોમનાથ ૧૪૫૨૦, અમરેલી ૬૯૨૫ હેકટર, ભાવનગર ૬૩૮૮ હેકટર, રાજકોટ ૪૨૫ હેકટર, જામનગર ૪૨૪ હેકટર, પોરબંદર ૩૦૫ હેકટર. સૌરાષ્ટ્રમાંથી દર વર્ષ અંદાજે કેસર કેરીનું ૩ લાખ ૩૪ હજાર ૯૮૪ મેટ્રિક ટન ઉત્પાદન થાય છે. પરંતુ આ વખતે માત્ર ૨ લાખ મેટ્રિક ટન જેટલું જ ઉત્પાદન થવાની શક્યતાઓ ખેડૂત અને એપીએમસીના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

# જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેરીની સતત વધતી આવક : પ્રતિમણના ભાવમાં પણ વધારો થયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં માર્કેટીંગ યાર્ડોમાં કેરીની આવક શરૂ થઈ ચુકી છે ત્યારે જૂનાગઢ માર્કેટમાં કેરીની સતત આવક થઈ રહી છે. આજે પણ જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ૭૪૬ ક્વિન્ટલ કેરીની આવક નોંધાઈ છે. જ્યારે પ્રતિ મણના ભાવમાં ગઈકાલ કરતા સામાન્ય વધારો જોવા મળતા ખેડૂતોના ચહેરા ઉપર ખુશી જોવા મળી હતી. જૂનાગઢ માર્કેટિંગ યાર્જમાં



આજે કાચી કેરીની ૭૪૬ ક્વિન્ટલ આવક નોધાઈ હતી. જેના પ્રતિમણ દીઠ ૨૬૦૦ રુપિયા સુધીના ભાવ બોલાયા હતા. જ્યારે એક મણનો નીચો ભાવ ૮૦૦ રૂપિયા રહ્યો હતો. આમ આજે ગઈકાલ કરતાં ૧૦૦ રૂપિયા વધારે બોલાયા હતા. જૂનાગઢ માર્કેટિંગયાર્ડમાં સારી અને ગુણવત્તાયુક્ત કેસર કેરીના એક બોક્સનો ભાવ આજે ૧૨૦૦ થી ૧૭૦૦ રૂપિયાની વચ્ચે રહ્યો હતો. અગાઉ ૨૯ એપ્રિલના રોજ ૪૧૫ ક્વિન્ટલ કેરીની આવક નોંધાઈ હતી, જેનો પ્રતિમણ ભાવ ૨૮૦૦ રૂપિયા સુધી બોલાયો હતો. છેલ્લા કેટલાક દિવસથી જૂનાગઢ માર્કેટ યાર્ડમાં કેરીની સારી આવક નોંધાઈ રહી છે. જો આવનારા દિવસોમાં કેરીની આવક આમ સતત વધતી જળવાઈ રહેશે, તો ભાવ ઘટવાની શક્યતા સેવાઈ રહી છે.

# જૂનાગઢમાંથી રૂા.૮ લાખની મીની બસની થયેલ ચોરી : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેરમાં મજેવડી દરવાજા નજીક આવેલ ભોલા ચા વાળા દુકાનની બાજુમાં આવેલા રશીદભાઈના ગેરેજ પાસેથી રૂા.૮ લાખની મીની બસની કોઈ ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢના ઢાલરોડ ઉપર નથુકૃપારામ ડેલામાં રહેતા ફારૂકભાઈ ઈસ્માઈલભાઈ હાલા(ઉ.વ.૨૪)એ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદીએ પોતાના કબ્જા હવાલા વાળી આયશર કંપનીની સ્કાયલેન્ડ સફેદ કલરની મીની બસ જેના રજી નંબર જીજે-૧૧-ટીટી-૮૮૦૭ના હોય જેની હાલની બજાર કિંમત આશરે કિ.રૂા.૮,૦૦,૦૦૦ ગણી શકાય તે મીની બસ તા.૩૦-૪-૨૪ના આશરે ક.૨૨/૦૦થી તા.૧-૫-૨૦૨૪ના ક.૦૭/૦૦ સુધીમાં ગેરેજે રીપેરીંગ કરવા મુકેલ હોય દરમ્યાન કોઈપણ સમયે કોઈ અજાણ્યો શખ્સ આ મીની બસ ચોરી કરી લઈ જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ જે.આર. વાજા ચલાવી રહ્યા છે.






# કેશોદમાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત રન ફોર વોટ કાર્યક્રમ યોજાશે

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૩

કેશોદમાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત તા.૫મીએ રન ફોર વોટના કાર્યક્રમનું તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે.

કેશોદ નગરપાલિકામાં ચીફ ઓફિસર વાઘેલા સાહેબ તથા એસ.ઓ. પ્રવીણભાઈ વિઠલાણીનાં અધ્યક્ષ સ્થાને કેશોદની વિવિધ એન.જી.ઓ. સાથે યોજાયેલ મીટીંગમાં કેશોદ શહેરના મતદારો વધારેમાં વધારે પોતાના મતનો ઉપયોગ કરી મતદાન કરે તે માટે જુનાગઢ જિલ્લા વહીવટી તંત્રની સૂચના અંતર્ગત આજરોજ મિટિંગમાં ચીફ ઓફિસરનાં જણાવ્યા મુજબ કેશોદ શહેરમાં મતદાન અધિકાર ધરાવતા દરેક મતદાતા અવશ્યક મતદાન કરે તેના માટે જુનાગઢ જીલ્લા વહીવટી તંત્ર અને કેશોદ નગરપાલિકા દ્વારા મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે તા.૦૫/૦૫/૨૦૨૪ રવિવાર નાં રોજ સાંજના ૫-૩૦ કલાકે "રન ફોર વોટ" કાર્યક્રમ આઝાદ કલબ-કેશોદનાં ગ્રાઉન્ડ ખાતે જુદીજુદી સંસ્થાઓ એકત્ર થઈ કેશોદનાં મુખ્ય માર્ગો અને રહેણાક વિસ્તારમાં રેલી કાઢી મુખ્ય પોઈન્ટ પર મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવશે આ અભિયાન માટે કેશોદ શહેરની જુદી જુદી સ્વૈચ્છીક સંસ્થાઓ આઝાદ કલબ, ભારત વિકાસ પરીષદ, કર્મશીલ ગૃપ, રોટરી કલબના સહયોગથી આયોજન કરવામાં આવેલ છે. આ "રન ફોર વોટ" કાર્યક્રમમાં સહભાગી થવા કેશોદ શહેરના દરેક શહેરીજનોને અપીલ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો જોડાઈ તે માટે

# મેંદરડા તાલુકાના નાગલપુર ગામે સગીર બાળાએ ગળાફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

મેંરદડા તાલુકાના નાગલપુર ગામના કિરણબેન ભગવાનભાઈ સોલંકી(ઉ.વ.૧૬)એ કોઈપણ અગમ્ય કારણસર પોતાની મેળે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા તેઓનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા મેંદરડા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં મહિલાએ ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢના મધુરમ દિપગંગા એપાર્ટમેન્ટ ખાતે રહેતા અને મુળ છાડવાવદર ગામના નિશાબેન પ્રવિણભાઈ ચૌહાણ(ઉ.વ.૪૦) ઘરે એકલા હોય અને માનસિક બિમાર હોય અને તેઓએ કોઈપણ રીતે અગમ્ય કારણસર ઘરના રૂમના છતના હુંકની સાથે સાડી વડે ગળાફાંસો ખાઈ લેતા તેઓનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે સી ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.